॥ श्रीसुविचारचंद्रिका ॥

પ્રણેતા

પૂજ્યપાદ બ્રહ્મનિષ્ઠ મહાત્મા શ્રીમન્નથુરામશર્માં.

બીલખા. કાઠિયાવાડ.

લોકહિતાર્થે પ્રકટ કરનાર

ગોવિંદજી ડાહ્યાભાઇ લાખાણી.

પોરબંદર. કાઠિયાવાડ.

અમદાવાદ-પીરમશારોડ ઉપર નિર્મળ પ્રિન્ટીંગ પ્રેસમાં

લલ્લુભાઇ ઇશ્વરભાઇ ત્રિવેદીએ છાપી

પ્રતિ ૧૦૦૦ આવૃત્તિ ૧ લી

શાકે ૧૮૩૭ સંવત્ ૧૯૭૧ ઇ. સ. ૧૯૧૫.

મૂલ્ય રૂ. ૦-૨-૦

ॐ

॥ श्रीसुविचारचंद्रिका ॥

પ્રણેતા

પૂજ્યપાદ બ્રહ્મનિષ્ઠ મહાત્મા શ્રીમન્નથુરામશર્માં.

બીલખા. કાઠિયાવાડ.

લોકહિતાર્થે પ્રકટ કરનાર

ગોવિંદજી ડાહ્યાભાઇ લાખાણી.

પોરબંદર. કાઠિયાવાડ

અમદાવાદ-પીરમશારોડ ઉપર નિર્મળ પ્રિન્ટીંગ પ્રેસમાં

લલ્લુભાઇ ઇશ્વરભાઇ ત્રિવેદીએ છાપી

પ્રતિ ૧૦૦૦ આવૃત્તિ ૧ લી

શાકે ૧૮૩૭ સવત્ ૧૯૭૧ ઇ સ. ૧૯૧૫.

મૂલ્ય રૂ. ૦-૨-૦

દોહરો.

સુવિચારરૂપ ચંદ્રિકા, સેવો ધરીને પ્યાર;
દુઃખ સર્વને દૂર કરી, પામો સુખ અપાર. ૧

ॐ

પ્રસ્તાવના.

આ વિશ્વમા સર્વ પ્રાણીઓને પ્રિય લાગતુ નિર્દોષ ને અખડ સુખ સુવિચારવિના કોઇ પણ કાલમા કોઇ પણ મનુષ્યને પ્રાપ્ત થતુ નથી સુવિચાર એ અલૌકિક ચિંતામણિ છે જેની પ્રાપ્તિવડે મનુષ્ય પોતાના દુ ખરૂપ દારિદ્રથી શીઘ્ર મોકળો થવા ભાગ્યશાલી થાય છે સુવિચારરૂપ અલૌકિક ને સુશીતલ ચદ્રિકા મુમુક્ષુ મનુષ્યોના હૃદયોને અલૌકિક શીતલતા આપનારી છે જેમ લૌકિક ચદ્રની ચદ્રિકા (ચાદની) રસિક સસારી જનોને આનદ આપે છે તેમ આ સુવિચારરૂપ અલૌકિક ને સુશીતલ ચદ્રિકા શાતરસપ્રિય મનુષ્યોને અવશ્ય આનદ આપશે, જેમ આ લૌકિક ચદ્રની ચદ્રિકા સાગરના જલને કાઠાભણી ઊછાળા મારતુ કરે છે તેમ આ સુવિચારરૂપ અલૌકિક ને સુશીતલ ચદ્રિકા મુમુક્ષુ મનુષ્યના હૃદયરૂપ સાગરના ઉત્સાહરૂપ જલને તે સાગરના પરતીરરૂપ બ્રહ્મભણી ઊછાળા મારતું કરશે, અને જેમ લૌકિક ચદ્રની ચદ્રિકા સૂર્યના તાપથી અકળાયેલા મનુષ્યોના શરીરનો તાપ દૂર કરે છે તેમ આ સુવિચારરૂપ સુશીતલ ચદ્રિકા સસારના તાપોથી અકળાયેલા મુમુક્ષુજનોના હૃદયોના તાપો દૂર કરવા માડશે જેમ ચોરને અને વિયોગી કામુક મનુષ્યને આ લૌકિક ચદ્રની ચદ્રિકા ગમતી નથી તેમા ચદ્રિકાનો વાક નથી, પણ તે મનુષ્યોના દૂષિત હૃદયોનોજ વાક છે, તેમ પામર અને વિષયી મનુષ્યોને આ સુવિચારરૂપ અલૌકિક ને સુશીતલ ચદ્રિકા ન ગમે તેમા આ ચદ્રિકાનો વાક નથી, પણ તે મનુષ્યોના દૂષિત હૃદયોનોજ વાક છે


સુવિચારરૂપ અલૌકિક અને અતિશીતલ ચદ્રિકા જે મનુષ્યોના હૃદયોઉપર પડશે તે મનુષ્યોના હૃદયોને તે શીતલ–શાત–કરશે. અત.કરણની શીતલતા–શાતિ–અનેક મહાપુણ્યોનુ ફલ મનાય છે. અત'કરણની શીતલતાજ –શાતિજ–મનુષ્યને સાચુ સુખ આપે છે. જે મનુષ્યના અત'કરણમા શીતલતા –શાતિ–આવી તે મનુષ્યને આખુ જગત્ શીતલ–શાત–જણાય છે.

આ લઘુલેખને માટે આનાથી વધારે પ્રસ્તાવનાની શી અગત્ય છે ?

ૐ

અનુક્રમણિકા.

પ્રકરણાંક	પ્રકરણનું નામ	પૃષ્ઠાંક
૧	બ્રહ્મજ્ઞાનનું સર્વોત્તમપણું	૧
૨	સદ્‌ગુરુના ને સત્‌શાસ્ત્રોના વચનોમાં શ્રદ્ધા	૪
૩	વિરાગભાવના	૯
૪	પાપકર્મોનો પશ્ચાત્તાપ	૧૨
૫	બહિર્મુખ જનોના સંગના પરિત્યાગની અગત્ય	૧૮
૬	શ્રવણાદિ જ્ઞાનનાં સાધનોમાં અડગ પ્રીતિ	૧૯
૭	વેદાંતશ્રવણાદિ બ્રહ્મજ્ઞાનના સાધનોમાં ઉત્સાહ રાખવાની અગત્ય	૨૨
૮	ઇંદ્રિયનિગ્રહ તથા ચિત્તનિગ્રહ.	૨૪
૯	પરમાત્માથી અભિન્ન સદ્‌ગુરુનું શરણ.	૪૩
૧૦	શરીરનું ક્ષણભંગુરપણું વિચારી સ્વધર્મપાલનમાં ઉદ્યોગી રહેવું	૪૮
૧૧	અનન્યભક્તની મનોવૃત્તિના પરમાત્મપ્રતિ ઉદ્‌ગારો	૪૯
૧૨	બ્રહ્મવિચાર	૫૬



ॐ

॥ श्रीसुविचारचंद्रिका ॥

મંગલાચરણ.

જે સુવિચારોના અનુષ્ઠાનવડે મનુષ્ય અનાયાસે આ ભયપૂર્ણ ભવસાગર તરવા ભાગ્યશાલી થાય છે તે સુવિચારોના પ્રેરક શ્રીપરમાત્માને બહુમાનપૂર્વક ને પરમપ્રેમપુરસર વારવાર દીર્ઘપ્રણામ હો.

સુવિચારરૂપ મહૌષધનું પરમાદરપૂર્વક સેવન કર્યા વિના મનુષ્યનો આ સર્વ દુઃખોના મૂલભૂત અજ્ઞાનરૂપ કષ્ટસાધ્ય રોગ કદીપણ નિવૃત્ત થતો નથી, માટે અજ્ઞાનરૂપ કષ્ટસાધ્ય રોગથી નિરંતર ક્લેશાનુભવ કરતા પ્રાણીઓપર ભક્તવત્સલ પરમાત્મા પરમકૃપા કરી તેમને સુવિચારરૂપ મહૌષધનુ વિધિવત્ સેવન કરવાનુ સામર્થ્ય આપો, અને એ મહૌષધના યથાયોગ્ય સેવનવડે તેઓ કૃતાર્થ થાઓ.

સકારણ લેખારંભની પ્રતિજ્ઞા.

શરદાનપરૂપ ત્રિવિધતાપથી પીડાતા મનુષ્યોના તે ત્રિવિધ તાપની નિવૃત્તિ કરવાના સાધનરૂપ આ સુવિચારરૂપ ચંદ્રિકાનો પ્રકાશ કરવાના પ્રયત્ન થાય છે તે પ્રયત્ન તેવા લોકોને ઉપકારક થાઓ.

૧. બ્રહ્મજ્ઞાનનું સર્વોત્તમપણું.

સ્થાવરજંગમ સર્વ પ્રાણિપદાર્થોના અધિષ્ઠાનરૂપ સચ્ચિદાનંદઘન બ્રહ્મ છે

આ બ્રહ્મનો સાક્ષાત્કાર કર્યા વિના કોઇ પણ પ્રાણી દુ ખથી ને ભયથી અત્યત મોકળો થઇ શકતો નથી.

સર્વ પ્રકારના જડ પદાર્થો સુખી નથી, તૃણ, વેલા, છોડો ને વૃક્ષો સુખી નથી, અનેક પ્રકારના જલચરો સુખી નથી, કૃમિઓ, કીટો, પતગો ને સર્પાદિ સુખી નથી, અનેક પ્રકારનાં પક્ષીઓ સુખી નથી, અનેક પ્રકારના પશુઓ સુખી નથી, આ પૃથિવીપર રહેનારા બ્રહ્મજ્ઞાનરહિત માણસો સુખી નથી, અને ભુવર્લોકથી માંડીને સત્યલોકપર્યતના લોકોમા રહેનારા બ્રહ્મજ્ઞાનરહિત દેવો પણ વાસ્તવિક રીતે સુખી નથી આ જગતમાં જેઓ પરમસુખરૂપ બ્રહ્મને અભેદભાવે અનુભવવા ભાગ્યશાલી થયા છે તેઓજ આ જગતમા પરમસુખી છે.

અન્નમા, વસ્ત્રમા, ગૃહમા, ખેતરમા, રૂપામા, સુવર્ણમા, પશુઓમા, વાહનોમા, સત્તામાં ને કીર્તિમા પરમસુખ જોવામા આવતું નથી વિવેકી મનુષ્યને તે સર્વ પદાર્થો શુદ્ધસુખયુક્ત પ્રતીત થતા નથી, પણ વિષ મેળવેલી મીઠાઇના જેવા દુ ખયુક્ત પ્રતીત થાય છે

મનુષ્યની બાલ્યાવસ્થા દુ ખવાળી છે, યુવાવસ્થા દુ ખવાળી છે ને વૃદ્ધાવસ્થા પણ દુ.ખવાળી છે અજ્ઞાની સ્ત્રીઓ દુ ખી છે, અજ્ઞાની પુરુષો દુ.ખી છે, ને નપુસકો પણ દુ ખી છે હે દુ ખ ! તુ અજ્ઞાની જીવોમા સર્વત્ર વ્યાપેલુ છે

કુરૂપ મનુષ્ય દુ ખી છે, સુરૂપ મનુષ્ય દુ ખી છે, થોડા કુટુબવાળો દુ ખી છે, બહોળા કુટુબવાળો દુ ખી છે, પુત્રહીન દુ ખી છે, પુત્રવાળો દુ ખી છે, નિર્ધન દુ ખી છે, ધનાઢ્ય દુ ખી છે, સત્તાહીન દુ ખી છે, સત્તાધારી દુ ખી છે વિદ્યાહીન દુ ખી છે, ને ભણેલો પણ દુ ખી છે આમ આ પૃથિવીપર સૂક્ષ્મદૃષ્ટિએ જ્યા જોઇએ ત્યા સર્વત્ર સર્વદા દુ ખ, દુ ખ ને દુ ખજ પ્રતીત થાય છે

સામાન્યદૃષ્ટિએ જોઇએ તો વૃક્ષાદિથી કીટ સુખી છે, કીટાદિથી જલચરો ને તિર્યગો સુખી છે, જલચરો ને તિર્યગોથી પશુપક્ષીઓ સુખી છે, પશુપક્ષીઓથી મનુષ્યો સુખી છે, મનુષ્યથી અંતરિક્ષના દેવો સુખી છે, અતરિક્ષના દેવોના

કરતા સ્વર્ગના દેવો સુખી છે, સ્વર્ગના દેવોના કરતાં મહર્લોકના દેવો સુખી છે, મહર્લોકના દેવોના કરતા જનલોકના દેવો સુખી છે, જનલોકના દેવોના કરતા તપોલોકના દેવો સુખી છે, ને તપોલોકના દેવોના કરતાં સત્યલોકના દેવો સુખી છે આ સર્વ સુખ બુદ્ધિના સત્ત્વગુણની વૃદ્ધિને લીધે અનુભવાય છે બ્રહ્મજ્ઞાનથી અનુભવાતા બ્રહ્માનંદરૂપ મહાસાગરની આગળ સત્યલોકનુ સુખ એક નાનકડા ટીપાતુલ્ય છે

તામસસુખના કરતા રાજસસુખ શ્રેષ્ઠ છે, રાજસસુખના કરતાં સાત્વિક સુખ શ્રેષ્ઠ છે, સાત્ત્વિકસુખના કરતાં શુદ્ધસાત્વિકસુખ શ્રેષ્ઠ છે, અને શુદ્ધ-સાત્વિકસુખથી નિરુપાધિક બ્રહ્માનંદ શ્રેષ્ઠ છે. આ બ્રહ્માનંદજ સર્વોત્તમ સુખ છે મનુષ્યજન્મ પામીને વિવેકીને અભેદભાવે તેજ પ્રાપ્ત કરવાયોગ્ય મનાય છે

જેમ સૂર્યના પ્રકાશથી અંધકાર દૂર થાય છે, જેમ અગ્નિના સામીપ્ય-થી ટાઢ દૂર થાય છે, જેમ ચિંતામણિની પ્રાપ્તિથી દારિદ્રય દૂર થાય છે, ને જેમ અમૃતના પાનથી રોગોની નિવૃત્તિ થાય છે, તેમ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિથી મનુષ્યના ત્રિવિધતાપની નિવૃત્તિ થઇ જાય છે.

આ પૃથિવીપર મનુષ્યજન્મ પામીને વિવેકી મનુષ્યને આગળ કહેલી રીતે બ્રહ્મનુ જ્ઞાનજ પ્રાપ્ત કરવાયોગ્ય છે. પુષ્કલ ધન, મોટી સત્તા, કે ઘણા શાસ્ત્રોના વાચનથી મનુષ્યને સર્વ દુઃખોની નિવૃત્તિ ને પરમાનંદની પ્રાપ્તિ થતી નથી, પણ બ્રહ્મના દઢ જ્ઞાનથીજ તેને સર્વ દુ.ખોની નિવૃત્તિ ને પરમાનંદની પ્રાપ્તિ થાય છે.

બ્રહ્મથી ભિન્ન જે જે પ્રાણિપદાર્થમાં તેને સત્ય માનીને અંતઃકરણની વૃત્તિ જાય છે ત્યાં ત્યાં તે ન્યૂનાધિક દુ.ખનોજ અનુભવ કરે છે. આ વિશ્વમા એક બ્રહ્મજ એવું સ્થાન છે કે જ્યાં જવાથી અંતઃકરણની વૃત્તિ નિર્દુઃખ પરમાનંદનો અનુભવ કરે છે.

હે મન ! લૌકિક જ્ઞાનોની તૃષ્ણાનો પરિત્યાગ કર. એવાં જ્ઞાનોનો પાર નથી, ને તે જ્ઞાનો સાચું સુખ આપનારાં નથી. ઘણા કાલસુધી આવાં જ્ઞાનોની પ્રાપ્તિ કરવા તેં પરિશ્રમ કર્યો, પણ તેના પરિણામમાં તને સ્થાયી

સુખનો લાભ થયો નથી, પણ પરિશ્રમજન્ય તથા નિરાશાજન્ય દુઃખનોજ તને અનુભવ થયો છે. હવે જે જ્ઞાનથી જીવના સર્વ દુઃખોનુ શમન ને પરમાનન્દના લાભ થાય છે તે જ્ઞાન પ્રાપ્ત કરવામાટેજ તું સર્વદા પ્રયત્નશીલ રહે.

રૂપ, યૌવન, ધન, સત્તા, સ્ત્રી, પુત્ર ને ભણતર એ સર્વના કરતા બ્રહ્મ જ્ઞાનજ શ્રેષ્ઠ છે, કેમકે રૂપાદિ જીવને સ્થાયી સુખ આપનારા નથી ને બ્રહ્મજ્ઞાન તો જીવને સ્થાયી સુખ આપનારુ છે.

બ્રહ્મજ્ઞાન એ કુરૂપનુ પરમસૌંદર્ય, વૃદ્ધનુ પૂરયૌવન, નિર્ધનનુ મહાધન સત્તાહીનની મહાસત્તા, સ્ત્રીહીનની રૂપયૌવનગુણસંપન્ના સ્ત્રી, પુત્રહીનનો સુશીલ પુત્ર, ને વિદ્યાહીનની પરમા વિદ્યા છે.

નાનાવિધ તાપોથી તપેલા જીવોને બ્રહ્મજ્ઞાન પરમશીતલ કલ્પવૃક્ષ છે નિરાધારનો તે પરમાધાર છે, ને અનાથને તથા અશરણને તે સનાથ તથા શરણ-યુક્ત કરનાર છે. હે મન ! આવું સર્વોત્તમ બ્રહ્મજ્ઞાન મેળવવા તુ સાધનસંપન્ન થઇ, સંશયવિપર્યય ત્યજી, સર્વદા ઘણામા ઘણો પ્રયત્ન કર્યા કર.

૨. સદ્ગુરુનાં ને સત્શાસ્ત્રોનાં વચનોમાં શ્રદ્ધા.

શ્રદ્ધાવિના—વિશ્વાસવિના—મનુષ્યથી વ્યવહાર પણ સારી રીતે સિદ્ધ કરી શકાતો નથી, તો પછી તેનાથી પરમાર્થ તો સારી રીતે સિદ્ધ ક્યાથીજ કરી શકાય ?

શ્રદ્ધાવિનાનુ મન ભમતુ રહે છે, ને કોઇ પણ સ્થલે તે શાંતિ કે સુખનો અનુભવ કરી શકતું નથી આ જગતમા શ્રદ્ધાહીન અંતઃકરણવાળા મનુષ્યો વિવેકીઓની દૃષ્ટિએ દયાના પાત્રો ગણાય છે

ઋદ્ધિ, સિદ્ધિ, વિદ્યા, પ્રતિષ્ઠા, પવિત્રતા, મનોબલ, ઉત્સાહ, શાંતિ ને સુખ આપનારી શ્રદ્ધા જે મનુષ્યના હૃદયમા નથી તે મનુષ્ય અતિકંગાલ ને શ્રદ્ધાલુ મનુષ્યની દયાનુ પાત્ર છે.

આ પૃથિવીપર દૃષ્ટિ કરતા મનુષ્યને સર્વ ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ કરાવનારી શ્રદ્ધાજ વિવેકીઓને કામદુધાના જેવી પ્રતીત થઈ. હે પવિત્ર શ્રદ્ધા ! તું આ જિજ્ઞાસુની પાસે આવ, ને તેના ભમતા ને દુખી અંતઃકરણમાં વાસ કર. તારા આગમન ને સ્થિતિથી તેના અંત કરણને શાંતિ ને સુખ થશે, માટે ઓ શાતિ ને સુખ દેનારી શ્રદ્ધા ! તું ઝટ તેના અંત કરણમાં આવ, તારા આગમનનો વિલબ હવે તે અંત.કરણ લેશ પણ સહન કરી શકતું નથી.

મૂઢતાવાળી તામસી શ્રદ્ધાના કરતાં ભમતી સ્થિતિવાળી ને બહારથી ડાળવાળી જણાતી રાજસી શ્રદ્ધા ચઢિયાતી છે, અને તે રાજસી શ્રદ્ધાના કરતા વિવેકવાળી, સ્થિરતાવાળી ને દભવિનાની સાત્ત્વિકી શ્રદ્ધા ચઢિયાતી છે. જિજ્ઞાસુના અત:કરણમા સર્વદા સાત્ત્વિકી શ્રદ્ધાજ હોવી જોઇએ.

કેટલાક મનુષ્યોની શ્રદ્ધા તેમની જીભને ટેરવે રહેલી હોય છે, કેટલાક મનુષ્યોની શ્રદ્ધા તેમની જીભના મધ્યભાગમાં રહેલી હોય છે, કેટલાક મનુષ્યોની શ્રદ્ધા તેમની જીભના મૂલમા રહેલી હોય છે, કેટલાક મનુષ્યોની શ્રદ્ધા તેમના કઠમા રહેલી હોય છે, કેટલાક મનુષ્યોની શ્રદ્ધા તેમના હૃદયના ઉપરના ભાગમાં રહેલી હોય છે, કેટલાક મનુષ્યોના હૃદયની શ્રદ્ધા તેમના હૃદયના મધ્યભાગમા રહેલી હોય છે, અને કોઇકજ મનુષ્યની શ્રદ્ધા તેના હૃદયના મૂલમાં રહેલી હોય છે સાત્ત્વિકી શ્રદ્ધા મારા હૃદયના મૂલમાં સર્વદા નિવાસ કરો એમ વિવેકી જિજ્ઞાસુ ઇચ્છે છે

વિવેકી મનુષ્ય પોતાના મનને કહે છેઃ—"હે સુખને ઇચ્છનાર મન ! શુ તુ સુખને શોધે છે ? જો તુ સુખને શોધતું હોય તો હુ તને કહુ છુ કે તું જઇને શ્રદ્ધાને મળ, તે તને સુખ પ્રાપ્ત કરવાનો ટુંકામાં ટુંકો ને સારામાં સારો માર્ગ બતાવશે હે અશ્રદ્ધાલુ મન ! તુ શામાટે શ્રદ્ધાને પ્રાપ્ત કરવા ઇચ્છતુ નથી ? તથા તેને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતું નથી ? શુ તું સદ્‌ગુરુના કરતા તથા સતશાસ્ત્રોના કરતાં પોતાને વધારે ડાહ્યુ માને છે ? જો તુ તને તેમના કરતા વધારે ડાહ્યુ માનતુ હોય તો હુ તને સ્પષ્ટ કહુ છુ કે તુ મિથ્યા-

ભિમાની હોવાથી મૂર્ખ છે. શું તને ભાન નથી કે જેઓ સ્વલ્પજ્ઞાનવાળા હોય છે તેઓ પ્રાયશઃ પોતાને બધુ જાણનારા માને છે."

હે અશ્રદ્ધારૂપ બળતી સગડી પોતાના હૃદયપર રાખી ફરનારા મૂર્ખ મનુષ્ય ! જો તું તારા હૃદયને તાપરહિત શીતલ કરવા ઇચ્છતો હોય તો તારા હૃદયપર રહેલી દાહ ઉપજાવનારી અશ્રદ્ધારૂપ બળતી સગડીને ઝાળવીને દૂર ફેંકી દે, ને હિમરૂપ શ્રદ્ધાને તારા હૃદયપર ધારણ કર જેમ સડકપર ચાલનારો મનુષ્ય કૂવામા પડતો નથી તેમ સાત્ત્વિકી શ્રદ્ધાવાળો મનુષ્ય અધોગતિને પ્રાપ્ત થતો નથી.

સદ્ગુરુના ને સતશાસ્ત્રના વિના આ વિશ્વમા મનુષ્યાદિનુ વાસ્તવિક હિત ઇચ્છનાર, શાન્તિ મેળવવાના તથા સુખ મેળવવાના નિર્દોષ સત્ય ઉપાયો દેખાડનાર, ને દુ ખરહિત પરમાનદસ્વરૂપમા સ્થાપન કરનાર કોઇ પણ મનુષ્ય કે દેવ નથી. આ સત્ય જે હૃદયને ન સમજાય તે હૃદય પાપસંસ્કારોના સદ્ભાવવાળુ જાણવુ

બ્રહ્મસાક્ષાત્કારવિના સર્વ દુ ખોની અત્યંતનિવૃત્તિ ને પરમાનદની નિત્યપ્રાપ્તિ થતી નથી, સતત સદાગ્રહવાળા શ્રવણાદિરૂપ પ્રયત્નવિના બ્રહ્મસાક્ષાત્કાર થતો નથી, અડગ ઉત્સાહવિના સતત સદાગ્રહવાળો શ્રવણાદિરૂપ પ્રયત્ન થતો નથી, અને અગાધ શ્રદ્ધાવિના અડગ ઉત્સાહ ઉપજતો નથી. આવી રીતે અગાધ શ્રદ્ધાવિના મનુષ્ય સર્વ દુ ખોની અત્યતનિવૃત્તિ ને પરમાનદની નિત્યપ્રાપ્તિ કરી શકતો નથી, માટે પરમાનદની પ્રાપ્તિની ઇચ્છા કરનાર મનુષ્યે પુણ્યકર્મોની વૃદ્ધિવડે ને મહાપુરુષોની સેવાવડે આવી શ્રદ્ધા પ્રાપ્ત કરવી જોઇએ

જેમ કોઈ પણ અંકવિના મીંડા નકામા છે તેમ સાત્ત્વિકી શ્રદ્ધાવિના પરમાર્થની પ્રાપ્તિમાટે કરેલાં સાધનો નકામા છે, જેમ કુલટાના નાનાપ્રકારના શણગારો વિવેકી મનુષ્યોના ઉપહાસના વિષયરૂપ થાય છે તેમ શ્રદ્ધાવિનાના મનુષ્યની ધાર્મિકક્રિયાઓ ઉપહાસના વિષયરૂપ થાય છે, અને જેમ પાયાવિનાનુ ગૃહ ટકી શકતું નથી તેમ સાત્ત્વિકી શ્રદ્ધાવિનાના મનુષ્યનુ સ્વધર્મપાલન ટકી શકતું નથી.

શ્રદ્ધાવિનાનુ હૃદય શ્મશાનના જેવુ છે, તેમાં કુકલ્પનાઓરૂપ ભૂતો ને વેતાલો નાચ્યા કરે છે, અથવા શ્રદ્ધાવિનાનું હૃદય મનુષ્યની વસતિવિનાના ગૃહના જેવું છે, તેમાં સર્પ, ઘો, ગરોળીઓ, પારેવાં, ચામાચિડિયાં, (છીપાકાનકૈડિયા) ઉંદર ને ઘુશરૂપ (કોલરૂપ) નાનાપ્રકારના સંશયો ને કુનિશ્ચયો નિર્ભયપણે નિવાસ કરે છે

પેલી વૃદ્ધ, અનુભવી, વિદુષી, પરોપકારી, સમર્થ ને પરમશાંત સાત્ત્વિકીશ્રદ્ધાનામની ડોસીની પર્ણકુટી જુઓ એ ડોસી બહુજ ભલા સ્વભાવની છે, ને જો તેનુ કોઇ પણ પ્રકારનુ સાહાય્ય માગવામા આવે તો તે પ્રસન્નતાથી સર્વને સાહાય્ય આપે એવી છે સંસારારણ્યનો પ્રવાસ સુખપૂર્વક સંપૂર્ણ કરવા ઇચ્છનારે અવશ્ય તે ડોસીનુ સાહાય્ય લેવુ જોઇએ.

જેમ રણમા આમ્રાદિ સુદર ને ઉપયોગી વૃક્ષો ઊગી શકે નહિ તેમ અપવિત્ર અંત કરણમા સાત્ત્વિકી શ્રદ્ધા ઉપજી શકે નહિ. જેમ ક્ષારવિનાની સુદર ભૂમિમા આમ્રાદિ સુદર વૃક્ષો ઊગી શકે છે તેમ પવિત્ર હૃદયમા સાત્ત્વિકી શ્રદ્ધા આવિર્ભાવ પામી શકે છે.

હૃદયની પવિત્રતા થતા મનુષ્યને પોતાના વ્યતીત થયેલા શ્રદ્ધાહીન જીવનમાટે આવા વિચારો થાય છે –

" મેં મૂર્ખાએ મારા પાપસસ્કારોને વશ થઇને પરમહિતકારી શ્રીસદ્‌ગુરુના ને સત્‌શાસ્ત્રનાં વચનોને સત્ય ન માન્યા, ને મારા મૂર્ખાઇભરેલા વિચારોનેજ મેં નિરતર સત્ય માન્યા. કોઈ પણ પ્રકારના ઉપાયથી પુન. પ્રાપ્ત ન કરી શકાય એવો મારા જીવનનો ઘણો ભાગ મેં નિરર્થક વ્યતીત કર્યો. મારી ખદ્યોતના જેવા સ્વલ્પપ્રકાશવાળી બુદ્ધિને હુ શ્રીસદ્‌ગુરુના અભ્રરહિત મધ્યાહ્નના સૂર્યજેવા મહાપ્રકાશવાળી બુદ્ધિના કરતા શ્રેષ્ઠ માનતો હતો, ને મિથ્યાભિમાનથી ગ્રસિત અંત'કરણવાળો હુ આ જગત્‌મા મારાથી ભિન્ન કોઇને મારા કરતાં વધારે ડહાપણવાળો સમજતો નહોતો. મેં પરમશાતિ ને પરમસુખ આપનારી સાત્ત્વિકીશ્રદ્ધાને મારા હૃદયમાં અવકાશ નહિ આપવામાં મોટામા મોટી ભૂલ કરી છે. વિદ્યારહિત છતા પણ જે હૃદય સાચી શ્રદ્ધાવાળુ છે તે

હૃદય સ્વસ્થ, શાંત ને સુખમય હોય છે, અને વિદ્યાવાળુ છતા પણ જે હૃદય સાચી શ્રદ્ધારહિત હોય છે તે હૃદય કુતર્કોવડે ને દુરાચરણોવડે સર્વદા અસ્વસ્થ, ક્રોધાદિ ક્ષોભવાળુ, ને દુઃખમય હોય છે, તેનો મેં મારી મૂર્ખતાથી કાઈજ વિચાર ન કર્યો. સમગ્ર પૃથિવીપરના ધનકરતાં અથવા સમગ્ર પૃથિવીના અકટક રાજકરતાં પણ સાત્ત્વિકી શ્રદ્ધા વધારે સુખદાતા છે એવો વિચાર મેં મૂર્ખાએ કદીપણ આદરપૂર્વક ન કર્યો. સાત્ત્વિકી શ્રદ્ધા સર્વ સુખોની સમર્થજનની છે આ વિચાર મારા મનમાં પૂર્વે ઉપજ્યો હોત તો હુ હાલ પરમાર્થની પ્રાપ્તિના માર્ગમાં કેટલો બધો આગળ વધી શક્યો હોત ? શ્રદ્ધા ! પૂજ્ય પવિત્ર ને પરોપકારિણી શ્રદ્ધા ! ! તુ મારા હૃદયમા કૃપા કરીને નિત્યને માટે નિવાસ કર, મને શાંતિ આપ, મને સુખ આપ, તારુ આજસુધી મે જે અપમાન કર્યુ છે તેને તુ કૃપા કરીને શીઘ્ર ભૂલી જા ”

જેમ સૂર્યનો ઉદય થવાથી ભૂતો, ચોરો, સિંહાદિ હિંસક પ્રાણીઓ, ને ઘુડ આદિ રાત્રે ઊડનારા પક્ષીઓ સતાઈ જાય છે, તેમ મનુષ્યના હૃદયમા સાત્ત્વિકી શ્રદ્ધાનો આવિર્ભાવ થતા તેમાથી નાનાપ્રકારના સશયો, વિપરીત-જ્ઞાનો, અસ્વસ્થતા ને અનુત્સાહ જતા રહે છે.

જેમ સૂર્યનો ઉદય નાનાવિધ કમલોને પ્રફુલ્લિત કરે છે તેમ સાત્ત્વિકી-શ્રદ્ધાનો ઉદય તે મનુષ્યના અંતઃકરણનો તથા સુખનો મનોરમ વિકાસ કરે છે

જેમ ભાગ્યહીન મનુષ્યને આરોગ્યની, પતિવ્રતા સ્ત્રીની, સુપુત્રની, ધનની, સારા નિવાસની, રસકૂપિકાની, સ્પર્શમણિની ને ચિંતામણિની પ્રાપ્તિ દુર્લભ છે, તેમ ભાગ્યહીન મનુષ્યને સાત્ત્વિકીશ્રદ્ધાની પ્રાપ્તિ પણ દુર્લભ છે

તમે શ્રદ્ધા રાખવાથી અલ્પબુદ્ધિવાળા ને અલ્પવિદ્યાવાળા નહિ ગણાઓ પણ મહાબુદ્ધિવાળા ને મહાવિદ્વાન ગણાશો, કેમકે જેઓ સત્યને સત્યરૂપે ઓળખે છે, ને તેને શુદ્ધભાવથી માન આપે છે, તેજ આ પૃથિવીપર મહા-બુદ્ધિવાળા ને મહાવિદ્વાન્ છે

અશ્રદ્ધા મહાભયંકર ડાકિનિ છે, તે મનુષ્યના અંતઃકરણાદિના સાત્ત્વિક-

બલરૂપ રુધિરનુ પાન કરી જનારી છે, એ વાત નહિ સમજવાથીજ ઘણા મનુષ્યો અશ્રદ્ધાના સેવનવડે પોતાના વાસ્તવિક હિતને હાનિ પહોચાડે છે

અસત્યરૂપ સર્વ દશ્યમાથી સત્યરૂપ બ્રહ્મમા પહોચાડનારી, મૃત્યુરૂપ વિષયતૃષ્ણામાંથી અમૃતરૂપ વિષયતૃષ્ણારહિત સ્થિતિમા પહોચાડનારી, અને અજ્ઞાનરૂપ ઘાટા અધકારમાથી જ્ઞાનરૂપ પરમપ્રકાશમા પહોચાડનારી સાત્ત્વિકી શ્રદ્ધા છે, તેથી તે શ્રદ્ધા પરમાર્થના સાધનોમા બહુ આદર આપવાયોગ્ય ગણાય છે

શ્રદ્ધાવિના એકનિષ્ઠાનો ઉદય થતો નથી, એકનિષ્ઠાના ઉદયવિના શ્રીસદ્ગુરુની ઉપાસનામાં ને શ્રવણાદિમા અસાધારણવેગથી પ્રવૃત્તિ થતી નથી, ને ઇદ્રિયોનો તથા અત કરણનો નિગ્રહ કરી શકાતો નથી, અને તે સર્વને અભાવે બ્રહ્મસાક્ષાત્કારવડે કૃતાર્થ પણ થઈ શકાતુ નથી

મનુષ્ય ! એક શ્રદ્ધાવાળા મનુષ્યના વિચાર, તેની પ્રવૃત્તિ, ને તેની બાહ્યસ્થિતિ શાત ચિત્તે જો, અને એક અશ્રદ્ધાવાળા મનુષ્યના વિચાર, તેની પ્રવૃત્તિ, ને તેની બાહ્યસ્થિતિ વિવેકપૂર્વક જો, પછી તને એ બે મનુષ્યમાથી જે મનુષ્યની સ્થિતિ તારુ હિત કરનારી જણાય તે સ્થિતિ નુ આદરપૂર્વક અગીકાર કર

૩. વિરાગભાવના.

મુમુક્ષુએ પોતાના અત કરણમા વિરાગ વધારવા આવી ભાવનાઓ કરવી જોઇએ —

વૃક્ષો રાગપૂર્વક કોઈ પ્રાણિપદાર્થનુ ચિંતન કરતા નથી, સ્વાર્થી પ્રાણીઓ દુ ખ આપે તે તેઓ પ્રસન્નતાથી સહન કરે છે, પ્રયત્નથી કોઈ પ્રાણીનુ તેઓ આરાધન કરતા નથી, અને અન્ય પ્રાણીને ફૂલફલાદિ આપવામા તેઓ સકોચ પામતા નથી, આવી તેમની દશાને હુ કયારે પામીશ ?

મનુષ્યરહિત દેવલમાં, વા વૃક્ષના મૂલમા, અથવા પર્વતની ગુફામા રુચિપ્રમાણે એક વા બે રાત્રિ સ્થિતિ કરીને પછી પછવાડે તેના ભણી નહિ જોતો છતો સ્થાનની મમતાવિનાનો હુ આ પૃથિવીપર ક્યારે વિચરીશ ? અર્થાત્ મારુ મન સ્થાનની મમતાથી રહિત ક્યારે થશે ?

જો મહાવિશાલ, પરમપવિત્ર ને પરમરમણીય બ્રહ્મરૂપ સ્થાન મારે રહેવામાટે છે, તો મારે બીજા સ્થાનની તૃષ્ણા શામાટે રાખવી જોઇએ ?

હુ શ્મશાનભૂમિમા જઇ બીજાં દુર્ગંધવાળા હાડકાઓની સાથે મરણ-ધર્મવાળા મારા કુત્સિત શરીરની સરખામણી ક્યારે કરી શકીશ ? અતે આજ પ્રમાણે મારુ શરીર પણ બહુકુત્સિત થશે, અને તેના દુર્ગંધથી માસભક્ષણ કરનારા શીઆળો પણ તેની સમીપ આવશે નહિ, તો આવા અપવિત્ર શરીર-મા મારે શામાટે પ્રીતિ કરવી જોઇએ ? આ એક શરીરમાં જીવનપર્યંત સાથે રહેનારા હાડકાઓ પણ અતે પૃથક્ પૃથક્ થઇ જશે, તો પૃથક્ રહેનારા અન્ય પ્રિય જનો અતે મારાથી બહુપૃથક્ પડશે એમા શુ કહેવુ ? માટે મારે તેઓમા આસક્તિ રાખવી યોગ્ય નથી

મનુષ્ય એકલોજ જન્મે છે, એકલોજ મરે છે, અને વર્તમાનજન્મમા પણ અન્ય મનુષ્યો તેના સુખદુ:ખના વાસ્તવિક ભાગી થતા નથી, તેથી તે એકલોજ રહે છે, તો પરમાર્થની પ્રાપ્તિમાં વિઘ્ન કરનારા પ્રિય મનાતા મનુષ્યોમા વિવેકી મનુષ્યે શામાટે પ્રીતિ કરવી જોઇએ ?

જેમ કોઇ પ્રવાસીઓનો બીજા પ્રવાસીઓની સાથે માર્ગમા કોઈ સ્થલે નિવાસ થાય છે તેમ સસારમાર્ગમા વિચરનારાઓનો પણ સ્વપરના ઉદય પામેલા કર્મને લીધે એક ઘરમા જન્મ થાય છે એમ સમજી વિવેકી મનુષ્યે સબન્ધિજનોમા આરૂઢ રાગ ન ઉપજવા દેવો જોઇએ.

એકાકીપણુ રમ્ય, ખેદરહિત, સર્વ વિક્ષેપને શમાવનારુ ને કલ્યાણનો ઉદય કરનારુ છે, તેથી વિવેકી સાધકે તે સર્વદા સેવવાયોગ્ય છે. આવું એકાકી-પણુ વિષયાસક્તિના પરિત્યાગવિના સેવી શકાતુ નથી, માટે મુમુક્ષુએ સર્વ વિષયોમાથી આસક્તિનો પરિત્યાગ કરવો જોઇએ.

આ લોકના સ્ત્રી, પુત્ર, દ્રવ્ય ને માનાદિ વિષયોથી માંડીને સત્યલોકના સ્ત્રી આદિ વિષયોમાં હુ ક્યારે તૃષ્ણારહિત થઇશ ? અર્થાત્ એ સાતે લોકના ઉત્તમોત્તમ ગણાતા વિષયો મને તણખલાના જેવા અતિતુચ્છ ક્યારે પ્રતીત થશે ?

પુષ્પમાલામાં ને નાગણીમા, હીરાઓમા ને કાકરાઓમા, સોનામા ને માટીના ઢેફામા, પુષ્પશય્યામાં ને શિલામા, બલવાન્ શત્રુમા ને મને પરમમિત્ર માનનારમા, આ લોકની રૂપગુણયૌવનસંપન્ન સ્ત્રીથી માંડીને સત્યલોકની અપ્સરામા ને તણખલામા, અને પરમસત્કારમા ને પરમતિરસ્કારમા સરખી દૃષ્ટિવાળો થઇ હુ બ્રહ્મધ્યાનમાં ક્યારે નિમગ્ન થઇશ ?

સર્વ દૃશ્યમા પરમોદાસીનતા પ્રકટવાથી જેનુ અત કરણ શબ્દાદિ વિષયોથી અતિવિમુખ થયુ છે એવો, પરમજ્યોતિના ધ્યાનાવેશથી જેની આખમા પ્રેમાશ્રુ આવી ગયા છે ને જેના શરીરપરના રૂવાડાં ઊભા થઇ ગયા છે એવો, અને દેહાભિમાન અતિશિથિલ થઈ જવાથી મારા સ્થૂલશરીરને પાષાણ કે વૃક્ષનુ ઠુંઠુ સમજી પક્ષીઓ કે અરણ્યના પશુઓ મારી પાસે ભયરહિત થઇને બેસે છે, અથવા નિર્ભયપણે મારી પાસે આવે છે ને જાય છે એવો હુ ક્યારે થઇશ ?

ઘડીઓ, દિવસો, પક્ષો, માસો, ને વર્ષો વેગથી ચાલ્યા જાય છે, શરીર પણ ઉત્તરોત્તર વૃદ્ધાવસ્થાભણી તથા મૃત્યુભણી વેગવાળું પ્રતીત થાય છે, અનેકજન્મોમા ભોગવેલા વિષયો પણ તેના તેજ છે, છતા મૂઢ મન ને ઇંદ્રિયો હજી વિષયોથી સતોષ પામતા નથી એ બહુ ખેદની વાત છે

આ જન્મમા શબ્દાદિ વિષયો બહુવાર ભોગવ્યા ઉન્મત્ત થઇને શબ્દાદિ વિષયોમા ને તેના ઉપકરણોના વિચારમા ને સેવનમા ફરીને ન પ્રાપ્ત થાય એવો ઘણો કાલ વ્યર્થ ગાળી નાખ્યો હજી પણ મનને તથા ઇંદ્રિયોને થયેલો આ ભારે ભસ્મક રોગ મટતો નથી, ને વિષયો ! વિષયો ! વિષયો !! એમ તે ગાડા થઇને સર્વદા ઝખ્યા કરે છે.

મારા આ પાપી મને ને મારી આ પાપી ઇંદ્રિયોએ મને બહુ ઠગ્યો છે તેમણે સમીપમા રહેલા પરમાનંદનો અનુભવ મને કરવા દીધો નહિ, પણ અસત્, તુચ્છ ને બંધન કરનારા વિષયોભણીજ તેમણે મને નિરતર ખેચ્યો.

હે લપટા પડી ગયેલા દુષ્ટ મન ! હે લપટી પડી ગયેલી દુષ્ટ ઇંદ્રિયો ! હે હળી ગયેલા પાપી વિષયો ! અને હે વસ્તુતાએ વિષજેવા છતા ઉપરથી અમૃત-જેવા જણાતા વિષયોના ઉપકરણો ! તમે મારો ત્યાગ કરો, ત્યાગ કરો, હુ હવે તમારાથી બહુજ કંટાળી ગયો છુ

મારી વિષયોમા રહેલી રમણીયપણાની બુદ્ધિ નાશ પામો, વિષયોમા રહેલી મારી આરૂઢ ઇચ્છા નાશ પામો, અને વિષયપ્રાપ્તિમાટે રાગપૂર્વક થનારી મારી પ્રવૃત્તિ નિવૃત્ત થાઓ.

૪. પાપકર્મોનો પશ્ચાત્તાપ.

મોક્ષેચ્છુએ પોતાના હૃદયની શુદ્ધિમાટે પોતાનાં પાપકર્મોનો આવી રીતે પશ્ચાત્તાપ કરવો જોઇએ —

પૂર્વજન્મોમા ને આ જન્મમા પશુસ્વભાવવાળા મે મારી મૂર્ખાઇથી મારા આત્માની અધોગતિ કરનારા જે જે પાપો કર્યા હોય, વા જે જે પાપો અન્ય પ્રાણીઓદ્વારા મે કરાવ્યા હોય, વા જે જે પાપોનુ મે અનુમોદન કર્યુ હોય, તે સર્વ પાપોને પશ્ચાત્તાપવડે તપેલા અંતઃકરણવાળો હુ મારા હૃદય-પરનો ભાર ઓછો થવા હવે સદ્‌ગુરુની ને પરમાત્માની સમીપ ઊઘાડા કરુ છુ

મારા મન, વાણી ને શરીરવડે મે પરમાત્મપ્રતિ, સદ્‌ગુરુપ્રતિ, સત-શાસ્ત્રપ્રતિ, સદ્ધર્મપ્રતિ, તત્ત્વજ્ઞોપ્રતિ, ધર્મના આચાર્યપ્રતિ, માનપિતાપ્રતિ, અન્ય ઉપકાર કરનારપ્રતિ, ને અન્ય પ્રાણીઓપ્રતિ જે ભયંકર અપકારો કર્યા હોય તે સર્વ અપકારોની હુ શુદ્ધભાવથી તે સર્વની પાસેથી ક્ષમા યાચુ છુ

અજ્ઞાનને વશ થઈ આજસુધી પ્રિય ને અપ્રિયરૂપ નિમિત્તવડે મે અનેક પ્રકારનું પાપ કર્યું છે, અને અહિંનુ સર્વ અહિંજ ત્યજીને ચાલ્યા જવાનુ છે એમ મેં આજસુધી જાણ્યુ નહિ એ મારાથી મોટી ભૂલ થઇ છે

જાગ્રત્મા જે જે પ્રાણિપદાર્થોનો અનુભવ કરાય છે તે તે પ્રાણિપદાર્થો

પછી સ્મરણમા આવે છે, અને સ્વપ્નમાં અનુભવેલા પ્રાણિપદાર્થોના પેઠે ગયેલા સર્વ પ્રાણિપદાર્થો પાછા જોવામા આવતા નથી, અર્થાત્ સર્વ પ્રાણિપદાર્થો ક્ષણસ્થાયી છે. આવા ક્ષણસ્થાયી પ્રાણિપદાર્થોની પ્રાપ્તિમાટે મેં મૂર્ખાએ ઘણા પાપકર્મો કર્યા છે, જે પાપકર્મોનુ સ્મરણ થતા આજે મારુ હૃદય બહુ કપી ઊઠે છે.

અહિં જોતા જોતા અનેક પ્રિય અને અપ્રિય પ્રાણિપદાર્થો ચાલ્યા ગયા પણ તેમના નિમિત્તે મેં કરેલુ જે ઘોર પાપ છે તે તો કર્મફલપ્રદાતાની આજ્ઞાને અનુસરીને પોતાનુ ફલ આપવામાટે મારી આગળજ ઊભુ છે

હુ કોઇનો નથી, ને કોઈ મારુ નથી, આવા શુદ્ધિવિચારવિનાના મે અવિવેક, રાગ ને દ્વેષને વશ થઇને અન્યને માટે પણ અનેક પ્રકારનુ પાપ કર્યુ છે.

રાત્રિદિવસ વિશ્રાંતિ પામ્યા વિના મારા આયુષ્યનો ક્ષય કરે છે, ને મારા આયુષ્યમા વધારો તો થતો નથી, તો હુ કેમ નહિ મરુ ? અવસ્ય મરીશજ આવો વિચાર સર્વદા મારા મનમાં જાગ્રત્ ન રહ્યો, તેથીજ મેં ઘણા પાપ-કર્મો કર્યા છે.

મરણવેલાએ અહિં શય્યામા પડેલો છતા, ને બંધુમધ્યે રહેલો છતાં પણ, મર્મસ્થાનોનુ છેદન કરનારી મરણની વેદના તો મારે એકલાનેજ સહન કરવાની છે, આ વાત પાપકર્મ કરતી વેલા મારા સ્મરણમાં ન આવી તે બહુજ અયોગ્ય થયુ.

યમદૂતોએ ગ્રહણ કરેલાનો કોઇ પણ મનુષ્ય બંધુ કે સુહૃત્ નથી, ત્યારે તો માત્ર પુણ્યજ તેનુ રક્ષણ કરનાર છે, પણ તે તો મેં પ્રમાદીએ આદરપૂર્વક સેવ્યુ નથી બહુ ખેદની વાત છે કે મારાથી માત્ર પાપનો સગ્રહ કરવામાંજ ઉદ્યમ કરાયો છે.

અનિત્ય જીવિતના લોભને વશ થઇ આગામી દુઃખની પ્રાપ્તિને નહિ જાણનારા મેં પ્રમાદીએ બહુ પાપનો સંગ્રહ કર્યો છે, પુણ્યનો લેશ પણ સગ્રહ કર્યો નથી.

આળસને વશ થઇને મેં મૂર્ખાએ મારા અભ્યુદયમાટે કે નિઃશ્રેયસમાટે

આજસુધી કાંઇ પણ પ્રયત્ન કર્યો નથી. મારૂ જીવન સ્વલ્પ છે, ને આ જગતમાં મારે પ્રાપ્ત કરવાયોગ્ય બહુ પદાર્થો છે, તેનો પાપી આળસે મને અલ્પ સમય પણ વિચાર કરવા દીધો નહિ

આળસે મારા મનને, ઇંદ્રિયોને તથા સ્થૂલશરીરને બલહીન કરી નાખ્યા છે, તેણે મારા મનુષ્યના જીવનમા ને પશુના જીવનમા કાંઈ પણ ગણના કરી શકાય એવા ભેદ નજ પાડવા દીધો.

પ્રમાદ ! તેં મારૂ બહુ બગાડયુ તારે વશ થઇને મેં મારૂ કર્તવ્ય લગારે સંભાર્યું નહિ, તથા તેનુ અનુષ્ઠાન પણ ન કર્યું. મારા ચિંતામણિજેવા મહામૂલ્યવાન્ મનુષ્યજીવનને તેં કોડીના મૂલ્યનુ કરી નાખ્યુ તેં મને વ્યવહારમા સેંકડો દુ ખાનુભવ કરાવ્યા, ને પરમાર્થના ઉપયોગી સાધનોનુ તેનો પરિપાક થતાસુધી આદરપૂર્વક અનુષ્ઠાન કરવા દીધુ નહિ.

હે દુષ્ટ પ્રમાદ ! તેં મારા પ્રાપ્ત સામર્થ્યનો મને કાંઈ પણ શુભ ઉપયોગ કરવા દીધો નહિ સ્વર્ગની વા મોક્ષની પ્રાપ્તિના સાધનો તેં મને પ્રાપ્ત કરવા દીધા નહિ, ને આ લોકના સુખના સાધનો પણ તેં મને મેળવવા દીધાં નહિ

હે શઠ પ્રમાદ ! તેં મને અમૃત કહીને વિષ પાયુ છે, સુખનુ સાધન કહીને તેં મને દુ:ખનુ સાધન આપ્યુ છે, હિતકર વસ્તુ કહીને તેં મને અહિતકર વસ્તુ આપી છે, ને શુભ વસ્તુ કહીને તેં મને અશુભ વસ્તુ આપી છે તેજ આરોગ્ય, ધન, પ્રતિષ્ઠા, સ્વર્ગ ને મોક્ષની પ્રાપ્તિમા મને મોટુ વિઘ્ન ઉપજાવ્યુ છે. તારે વશ થઇને મેં ન કરવાનુ ઘણું કામ કર્યું છે.

અવ્યવસ્થાએ મને વ્યવહારપરમાર્થમા આગળ વધવા દીધો નથી. તેણે મને વ્યવસ્થામાં પ્રીતિ ઉપજવા દીધી નહિ, ને સર્વ વાતમાં મને અંધાધુધીમાજ જોડી રાખ્યો. વળી ને ઉપકારક વ્યવસ્થાને એ દુષ્ટ ને અપકારક અવ્યવસ્થાએ મારા અંત:કરણમાં સ્થિર થવા દીધીજ નહિ.

દુષ્ટ દીર્ઘસૂત્રતાએ અલ્પ સમયમાં પૂર્ણ થઇ શકે એવા કોઇ પણ વ્યાવહારિક શુભ કામને ચિરકાલે પણ પૂરું કરવા દીધુ નહિ, ને સ્વર્ગની તથા

મોક્ષની પ્રાપ્તિના સાધનોમા પણ તેજ પાપિનીએ ફલની સિદ્ધિપર્યંત મારી પ્રવૃત્તિ થવા દીધી નહિ. મારે કરવાના કોઇ પણ કામમા એ દુષ્ટાએ મને ફાવવા દીધોજ નહિ મને જે નાનુમોટુ કામ પ્રાપ્ત થાય તે કામને મેં એને (દીર્ઘસૂત્રતાને) વશ થઇને લબાવ્યાજ કર્યું છે મારા વ્યવહારની ને પરમાર્થની પડતીમા આ દુષ્ટાએ ઘણો ભાગ લીધો છે

હે અણુસમજ ! તેં પણ મારુ અહિત કરવામા કાઈ બાકી રાખ્યુ નથી વિચાર કરવામા, જોવામા, બોલવામા ને કોઇ પણ કામ કરવામા તેં સમજને મારા અત કરણમાં આવવા દીધીજ નહિ, ને તેંજ મારા અતઃકરણ-મા રહી તારી દુષ્ટ સત્તા ચલાવી તેં મારી પાસે પાછળથી મને બહુ પસ્તાવો કરવો પડે એવા વિચારો ને એવી ક્રિયાઓ કરાવ્યાં છે

અત્યાહારવડે ને અતિનિદ્રાવડે મેં મારા દેવદુર્લભ ઉત્તમ મનુષ્યજન્મને પશુના જીવનજેવો કરી નાખ્યો છે જો આ બે દોષોએ મારો પ્રાપ્તવ્યવહાર પણ સુધારવા ન દીધો તો પછી તે મને સ્વર્ગના સાધનોનુ અનુષ્ઠાન કરવામાં ને મોક્ષના સાધનોનુ અનુષ્ઠાન કરવામા ક્યાથીજ પ્રવૃત્ત થવા દે ?

મહાપાપી, અત્યાહારી ને મહાદુ ખદ કામે મારી પાસે કયુ નીચ કર્મ કરાવ્યુ નથી ? તેણે મારી પવિત્રતા, શુભનિશ્ચય, ધ્યાન, જ્ઞાન, પ્રતિષ્ઠા, સત્ય, પ્રામાણિકતા, અસ્તેય, સંતોષ, તપ, સ્વાધ્યાય, દયા ને ભક્તિ એ સર્વને ઘણી વાર ચોરી લીધા છે. મુડો જેમ પોતાને વશ થયેલા વાદરાને ઇચ્છાપ્રમાણે રમાડે તેમ આ દુષ્ટ કામે મને પોતાની ઇચ્છાપ્રમાણે નાચ નચાવ્યો છે આ મહાપાપીને વશ થઇને મેં ઘણા દુષ્ટ કર્મો કર્યા છે. આ મહાપાપીને વશ થવાથીજ મેં ઇશ્વરની, ગુરુની ને શાસ્ત્રાદિની ઘણી વાર અવગણના કરી છે, ને મેં મારા હિતના માર્ગનો પરિત્યાગ કરીને મારા અહિતના માર્ગનો ઘણી વાર સ્વીકાર કર્યો છે.

આ ક્રોધરૂપ ચાંડાલે વારવાર મારો સ્પર્શ કરી મને અપવિત્ર કર્યો છે સાધારણ સાધારણ પ્રસગમા પણ તે મારા અંતઃકરણમા પ્રકટ થઇને મને

બાળ્યા કરતો, ન બોલવાનુ તે તુરત બોલાવતો, ને ન કરવાનુ કામ તે મારી પાસે- તુરત કરાવતો

આ ક્રોધરૂપ રાક્ષસે મારુ લોહી પીવામા કાઈ પણ કચાશ રાખી નથી તેણે મારા શરીરના સાતે ધાતુઓને વારવાર બહુ તપાવ્યા છે, ઇંદ્રિયોમા ઘણો પરિતાપ ઉપજાવ્યો છે, અત કરણને અત્યંત તપાવ્યુ છે, ને પ્રાણને પણ બહુ વ્યાકુલ કરી નાખી અત'કરણને ખેદાનુભવ કરાવ્યો છે. હે દુષ્ટ ક્રોધ ' મે તારે વશ થઇને અન્ય મનુષ્યે કરેલી ભૂલની શિક્ષાઓ બહુવાર ભોગવી છે દાવાનલ જેમ વનમાના વૃક્ષાદિને બાળે તેમ તેં મારા શરીરમાંના રુધિરાદિ દ્રવ્યને બાળ્યુ છે. તેંજ મારી પાસે અનેક વાર હિંસા કરાવી છે, અને જે તે પ્રાણીની સાથે વૈર કરાવ્યુ છે

આ ક્રોધે સ્નેહિજનોની સાથે અને સંબંધિજનોની સાથે વૈર કરાવ્યુ છે, ગુરુજનોનુ ને દેવોનુ અપમાન કરાવ્યુ છે, જેમને જે વચનો ન કહેવા જોઇએ તેમને તે વચનો કહેવરાવ્યા છે, જેમના ભણી જેવી દૃષ્ટિએ ન જોવુ જોઇએ તેમના ભણી તેવી દૃષ્ટિએ જોવરાવ્યુ છે, અને જેમને માર ન મારવો જોઇએ તેમને માર મરાવ્યો છે. ટુંકામા કહુ તો એ પાપીએ મને ઘણી વાર ગાડાજેવો બનાવ્યો છે. એ સર્વનુ સ્મરણ થતા મારું ચિત્ત બહુ ખેદાનુભવ કરે છે.

હે લોભ ' તેં મને મૂર્ખ બનાવવામાં કાંઇ પણ મણા રાખી નથી. મારે આ જોઇએ, ને મારે તે જોઇએ, એવા વિચારોમા ને ભાષણમા તેં મારા મનને તથા વાણીને વેગવાળાં રાખ્યા છે. જીવતા હુ જે પ્રાણિપદાર્થોને મારા માનુ છુ તે પ્રાણિપદાર્થો મરણપછી મારા રહેવાના નથી એ વાત નક્કી છતા મેં મૂર્ખાએ મમતાપૂર્વક પ્રાણિપદાર્થોનો સંગ્રહ કરવામા આદર સેવ્યો છે. મારા શરીરનુ ક્ષણભગુરપણું ને પારમાર્થિક સાધનોનુ અનુષ્ઠાન ભૂલી આ દ્રવ્ય, આ પદાર્થો, ને આ પ્રાણીઓ મને કે મારા વારસ વા વારસોને ઉપયોગી થઇ પડશે એવા મિથ્યા વિચારોને વશ થઇ મેં દ્રવ્ય, પ્રાણીઓ ને પદાર્થોને ભેગા

કરવામાજ મારા જીવનનો ઘણો ભાગ વ્યતીત કર્યો છે, ને તેમાંથી કાંઇ પણ દ્રવ્ય સન્માર્ગે વાપરવામા મેં લેશ પણ આદર સેવ્યો નથી. તારે વશ થઇને મે ચોરી, અસત્યભાષણ ને હિંસાદિ દોષો પણ કર્યા છે.

કીડીઓ જેમ પ્રાયશ તેતરોને માટે દાણાનો સગ્રહ કરે છે, ને મધ-માખીઓ જેમ પ્રાયશ મધ પાડનારાઓને માટે મધનો સગ્રહ કરે છે, તેમ મેં પ્રાયશ બીજાઓને માટે દ્રવ્યનો સગ્રહ કર્યો છે આત્મજ્ઞાનરૂપ–અવિનાશી ને પરમાનદરૂપ–ધન મેળવવા ને તેનો સગ્રહ કરવા મેં અલ્પબુદ્ધિવાળાએ આદરપૂર્વક કાઇ પણ પ્રયત્ન કર્યો નથી, અને વિનાશી ને દુ ખના હેતુરૂપ લૌકિક દ્રવ્ય સપાદન કરવા તથા તેનો સગ્રહ કરવા મેં અલ્પબુદ્ધિવાળાએ ઘણા આદરપૂર્વક પ્રયત્ન કર્યા કર્યો છે.

મે અવિવેકને વા મોહને વશ થઇને મારા હિતને અહિતરૂપ ને મારા અહિતને હિતરૂપ સમજીને પશ્ચાત્તાપ ઉપજાવનારા ઘણા વિચારો ને કર્મો કર્યા છે મેં ઘણી વાર અમૃતને વિષરૂપ માનીને તથા વિષને અમૃતરૂપ માનીને અમૃતને ઢોળી નાખવામા ને વિષને પીવામા પ્રવૃત્તિ કરી છે.

અધોગતિ કરાવનારા મદને વશ થઇને મારાથી શ્રેષ્ઠ જનોભણી દૃષ્ટિ નહિ કરતા ધન, સત્તા, રૂપ, યૌવન, વિદ્યા ને ગુણાદિનુ મેં ઘણી વાર મિથ્યા-ભિમાન કર્યું છે. આ મિથ્યાભિમાન મારા અંત:કરણમાં રહેલા પુણ્યસસ્કારોનો વિનાશ કરી મારા અંત કરણમા રહેલા પાપસસ્કારોને બલવાન્ કરનાર છે એ મને મિથ્યાભિમાનના વેગમા તણાતા સમજાયુ નહિ.

મેં બીજાઓની નિરર્થક ઇર્ષ્યા કરી મારા અત કરણને તથા લોહીને બહુ તપાવ્યુ છે એ ઇર્ષ્યાને વશ થઇને મેં નહિ બોલવાયોગ્ય ઘણા શબ્દોનુ ઉચ્ચારણ કર્યુ છે, અને નહિ કરવાયોગ્ય ઘણા વિચારો કર્યા છે વળી એ દોષને વશ થઇને મેં ઘણા સજ્જનોનો તિરસ્કાર પણ કર્યો છે.

૫. બહિર્મુખ જનોના સંગના પરિત્યાગની અગત્ય.

પોતાનાથી ઊતરતા વિચારવાળા ને ઊતરતા આચારવાળા સર્વ મનુષ્યોના ને તેમા પણ વિશેષે કરીને બહિર્મુખ મનુષ્યોના સગથી દૂર રહેવાવડે તથા કામાદિથી ઊઠતા કુવિચારોથી પોતાના મનને દૂર રાખવાવડે મનુષ્યના મનમા પ્રાયશ વિક્ષેપનો પ્રાદુર્ભાવ થતો નથી, તેથી તે બનેનો ત્યાગ કરી મોક્ષસાધક પોતાના કર્તવ્યનુ આદરપૂર્વક અનુષ્ઠાન કરવુ જોઇએ

સ્નેહથી અથવા દ્રવ્ય, સત્કાર ને યશાદિની લાલસાથી બહિર્મુખ મનુષ્યોનો ત્યાગ નજ થઈ શકે તો તેણે વિચારવુ જોઇએ કે પોતાના અનિત્ય શરીરનો અન્ય અનિત્ય શરીરમા સ્નેહ થવો યોગ્ય નથી, કેમકે જુદા પડ્યા પછી સહસ્રો જન્મોમા પણ પુન: કોઇ પ્રિય મનુષ્ય કોઈના જોવામા આવવાનો નથી જ્યાસુધી પ્રિય મનુષ્યનુ દર્શન થતું નથી ત્યાંસુધી તેમા પ્રીતિ રાખનારનુ મન અધૈર્યને સેવે છે, તેથી તે એકાગ્ર થતું નથી, અને પ્રિય મનુષ્યને જોઇને પણ અનિત્યની પ્રાપ્તિવડે પરિપૂર્ણ તૃપ્તિનો અસભવ હોવાથી પ્રીતિ રાખનારનુ મન પરિપૂર્ણ તૃપ્તિને પામતુ નથી, પણ ચિરકાલ તેના દર્શનની અભિલાષાવડે પૂર્વની પેઠે વ્યથા અનુભવે છે એવી રીતે અશાશ્વત શરીરવાળા ને પોતાના પ્રારબ્ધને વશ વર્તતા પ્રિય મનુષ્યમા આરૂઢ પ્રીતિ રાખવાથી પરમાનદ આપનાર શાશ્વત ધર્મથી ભ્રષ્ટ થવાય છે, માટે વિવેકી મનુષ્યે બહિર્મુખ મનુષ્યમા આરૂઢ પ્રીતિ રાખવી યોગ્ય નથી.

બહિર્મુખ જનોની સાથે રહી તેમના જેવુ આચરણ કરવાથી તે મનુષ્યની અવશ્ય દુર્ગતિ થાય છે, અને તેમની સાથે રહી જો તેમના જેવુ આચરણ કરવામા ન આવે તો તેઓ દ્વેષ કરે છે, તો વિચારો કે બહિર્મુખ જનોની સાથે રહેવામા ને સ્નેહ રાખવામા શો લાભ છે ? તેઓ પોતાના કોઇ પ્રયોજનને લઇને ક્ષણમા સુહૃતજેવા જણાય છે, વળી ક્ષણમા કોઇ તુચ્છ નિમિત્તવડે તેઓ શત્રુજેવા જણાય છે, અને સતોષ પામવાના પ્રસગમા પણ તેઓ અતિકોપ કરે છે. એવી રીતે બહિર્મુખ જનો કોઇ પણ ઉપાયથી

પ્રસન્ન કરી શકાય એવા નથી, માટે તેમનાથી સર્વ પ્રકારે દૂર રહેવામાજ વિવેકી મનુષ્યને લાભ છે.

બહિર્મુખ જનો પ્રાયશ કોઇનો ઉપદેશ સાંભળતા નથી, તેઓ પોતાનાથી શ્રેષ્ઠની ઈર્ષ્યા કરે છે, પોતાની સમાન હોય તેની સાથે તેઓ નિરર્થક વિવાદ કરે છે, પોતાનાથી ઊતરતા હોય તેમના પ્રતિ તેઓ અભિમાન કરે છે કોઈ સ્વાર્થી મનુષ્ય તેમની સ્તુતિ કરે તો તેઓ ફૂલાઈ જાય છે, અને નિંદા કરનારનો તેઓ દ્વેષ કરે છે આવા વર્તનવાળા બહિર્મુખ જનોનુ હિત શી રીતે કરી શકાય?

બહિર્મુખ મનુષ્યોના સગથી સગ કરનાર મનુષ્યમા આત્મશ્લાઘા, પરદોષપ્રકાશન ને સસારસુખકથન એ દોષો ઉપજવાનો અવશ્ય સભવ છે, માટે મોક્ષસાધકે બહિર્મુખ મનુષ્યથી સર્વથા સર્વદા દૂર રહેવુ ઉચિત છે

બહિર્મુખ મનુષ્યથી દૂર રહેવુ, અને કદાચિત્ દૈવયોગથી તે મળી જાય તો મોક્ષસાધકે તેને રાગદ્વેષરહિત સમભાવવાળા મનવડે પ્રસન્ન રાખવો, તેનુ અપમાન ન કરવુ

---

૬. શ્રવણાદિ જ્ઞાનનાં સાધનોમાં અડગ પ્રીતિ રાખવી.

પોતાના શ્રીસદ્ગુરુની પરમાદરપૂર્વક સેવા કરીને બ્રહ્મના જ્ઞાનની પ્રાપ્તિ કરાવનારા વેદાતનુ શ્રવણ, મનન ને નિદિધ્યાસન એ અડગ પ્રીતિપૂર્વક કરવા જોઇએ અડગ પ્રીતિવિના વ્યાવહારિક કામ પણ સારી રીતે કરી શકાતું નથી તો પછી પારમાર્થિક કામ અડગ પ્રીતિવિના કેમ સારી રીતે કરી શકાય?

કોઇ પણ કામમા મનુષ્યને જ્યારે પ્રીતિ પ્રકટે છે ત્યારે તે કામનું તેને સારી રીતે સ્મરણ રહે છે, અને તે કામને સારુ ને સમયસર કરવા તે ઉત્સાહપૂર્વક પ્રયત્ન કરે છે. જ્યારે અલ્પ સમયમાટેની પ્રીતિ આવું શુભ પરિણામ લાવે છે ત્યારે અડગ પ્રીતિ તેનાથી વધારે સારુ પરિણામ લાવે તેમાં શું આશ્ચર્ય?

પ્રીતિવિના કરવામા આવતાં શ્રવણાદિ સાધનો યથાયોગ્ય સિદ્ધ કરી શકાતા નથી, ને તેથી તે યથાયોગ્ય ફલ આપવા સમર્થ થઇ શકતા નથી અડગ પ્રીતિપૂર્વક કરવામા આવતા તે સાધનો ઉત્તમ પ્રકારે સિદ્ધ કરી શકાય છે, ને તે સમય આવે પોતાનુ યથાયોગ્ય ફલ આપવા સમર્થ થાય છે

પ્રીતિવિના મનુષ્યને સ્વકર્તવ્ય રસહીન પ્રતીત થાય છે, ને પ્રીતિવડે મનુષ્યને સ્વકર્તવ્ય રસમય પ્રતીત થાય છે.

જેમ લોકકથનપ્રમાણે ઉંઘતા મનુષ્યની ભેસ પાડો જણે છે, જેમ ઉઘતા મનુષ્યના ખેતરમા કે ખળામા ચોરી થાય છે, ને જેમ ઉંઘતા ઉંઘતા દળનારીનો લોટ વાછડા કે કૂતરા ખાઇ જાય છે, તેમ પ્રીતિવિના કરેલા કામનુ ફલ પણ કાચી અવસ્થામા સૂકાઈ જાય છે

પ્રીતિવિના કરેલુ કોઇ પણ કામ નહિ કર્યાના જેવુ છે, ને પ્રીતિપૂર્વક કરેલુ કામ યથાયોગ્ય કર્યાના જેવુ છે

પ્રીતિવિના કરવા માડેલા કોઇ પણ શુભ કામમા સાધારણ વિઘ્ન આવતાજ તે શુભ કામ પડતુ મૂકી દેવાય છે, ને અડગ પ્રીતિપૂર્વક કરવા માડેલા કોઈ પણ શુભ કામમાં ગમે તેટલા વિઘ્નો આવે તોપણ તે શુભ કર્મ મનુષ્યથી પડચું મૂકી શકાતું નથી.

નિત્ય નિરતર ચિરકાલ વિધિવત્ વેદાતશ્રવણાદિ કરવામા આવે તો જીવનો દુ:ખમય જીવભાવ શમી તે પરમસુખરૂપ બ્રહ્મ થઇ જાય છે, આવુ વેદાતશ્રવણાદિનુ માહાત્મ્ય જો સમજાય તો તેવા મનુષ્યને તેમા પ્રીતિ કેમ ન પ્રકટે ?

અડગ પ્રીતિપૂર્વક શુભ કર્મ કરનારો મનુષ્ય દેવજેવો છે, અને પ્રીતિવિના બલાત્કારે શુભ કર્મમા પ્રવૃત્ત થનારો પ્રાકૃત મનુષ્ય પશુજેવો છે

અડગ પ્રીતિપૂર્વક પોતાનાં શુભ કર્મમા પ્રવૃત્ત થનારા મનુષ્યનુ હૃદય, મુખ ને નેત્ર વિકાસ પામેલા પ્રતીત થાય છે, અને પ્રીતિવિના પોતાને પ્રાપ્ત

થયેલા શુભ કર્મમા પ્રવૃત્ત થનાર મનુષ્યનુ હૃદય, મુખ ને નેત્ર સંકોચ પામેલા પ્રતીત થાય છે.

ખેડુતો પોતાની ખેતીના કામમાં, વ્યાપારીઓ પોતાના વ્યાપારના કામમા, સેવકો પોતાની સેવાના કામમા, વિદ્યાર્થીઓ પોતાની વિદ્યાના અધ્યયનમા, કવિઓ ને લેખકો કાવ્ય કરવામા ને લેખ લખવામાં, યોધાઓ યુદ્ધ કરવામા, દાતાઓ દાન કરવામા, ને સાધકો પોતાના પારમાર્થિક સાધનના અનુષ્ઠાનમા જ્યારે અડગ પ્રીતિપૂર્વક પ્રવૃત્ત થાય છે ત્યારે અવસ્ય તેઓ પોતાના કામમાં સારો લાભ મેળવે છે.

પ્રીતિવિના કોઈ પણ કામમા પૂરી પ્રવૃત્તિ થઈ શકે નહિ, અને પૂરી પ્રવૃત્તિ થયા વિના કોઈ પણ ઇચ્છિત વસ્તુની વા સ્થિતિની પૂરી પ્રાપ્તિ થઇ શકે નહિ જો તમે તમારા પ્રાપ્તવ્યવહારમાં આગળ વધવા ઇચ્છતા હો તો તમે તમારા હૃદયમા પ્રાપ્ત વ્યવહારના કામમાં પ્રીતિનો ઉદય થવા દો, ને જો તમે પરમાર્થની પ્રાપ્તિના સાધનોને સફલ કરવા ઇચ્છતા હો તો તમે તમારા હૃદયમા તેમા પ્રીતિનો ઉદય થવા દો

મનુષ્યના હૃદયમા વિશુદ્ધ ને બલવાળી પ્રીતિનો ઉદય સારા વસ્ત્રો પહેરવાથી, સારા ને મૂલ્યવાન્ અલકારો ધારણ કરવાથી, અંગને નાનાવિધ સુગધ લગાડવાથી, સારુ સારુ ખાવાથી, ઘણા પુસ્તકો વાચવાથી, ઘણું ભણવાથી, જેનો તેના સગ કરવાથી, ઘણા દેશોમા પ્રવાસ કરવાથી, ઘણું ધન મેળવવાથી, મોટી સત્તા પ્રાપ્ત કરવાથી, કે મોટી કીર્તિ મેળવવાથી થતો નથી, પણ મનુષ્યના પૂર્વજન્મોના પુણ્યોથી ને પરમાત્માની કૃપાથી તે મનુષ્યના હૃદયમા તેવી પ્રીતિનો ઉદય થાય છે.

હે પ્રીતિ ! તું મનુષ્યને જે વિષયભણી દોરે છે તે વિષયભણી તેને સુખપૂર્વક લઈ જવાનુ સામર્થ્ય ધરાવે છે, માટે તુ મનુષ્યને વેદાતશ્રવણાદિભણીજ લઇ જવાની કૃપા કરજે, કે જેથી તેમનુ ભવિષ્યમાં ભલુ થાય.

હે પ્રીતિ ! તુ તારા મલિનસ્વરૂપમાં વૈતરણી આદિ મહાન્ ભયકર નરકોમા લઈ જવાના સામર્થ્યવાળી છે, અને તું તારા શુદ્ધસ્વરૂપમા પુનરાવૃત્તિ-

રહિત દુઃખાતીત પરમાનંદપદે સ્થાપવાના સામર્થ્યવાળી પણ છે. હે મનુષ્ય ! તું સર્વદા પ્રીતિના ઉજ્જ્વલ સ્વરૂપમાંજ લુબ્ધ થજે.

હે વિવેકવાળા મનુષ્ય ! તું તામસી પ્રીતિના કરતાં રાજસી પ્રીતિને શ્રેષ્ઠ સમજજે, રાજસી પ્રીતિના કરતા તું સાત્ત્વિકી પ્રીતિને શ્રેષ્ઠ સમજજે, ને સાત્ત્વિકી પ્રીતિના કરતા તું શુદ્ધસાત્ત્વિકી પ્રીતિને શ્રેષ્ઠ સમજજે

હે વિશુદ્ધપ્રીતિ ! આવ, આ મનુષ્યના આ રસહીન ને કેવલ ઊજડજેવા જણાતા હૃદયને તું રસવાળું ને શુભ ગુણોની વસતિવાળું કર તારા આગમનવિના મનુષ્યને શાશ્વતી શાંતિ ને શાશ્વત સુખ અનુભવવાના નથી, ને તેના હૃદયની વિશાલતા પણ થઈ શકતી નથી

હે મીઠા સ્વભાવવાળી પ્રીતિ ! આવ, બહુ ઊતાવળે આવ, આ મનુષ્યના હૃદયને વેદાંતશ્રવણથી, મનનથી ને નિદિધ્યાસનથી થતા લોકોત્તર આનંદમાં નિમગ્ન કરી દે. તું જ્યાંસુધી સાધકજીવને પૂરું સાહાય્ય નહિ કરે ત્યાંસુધી દુર્બલ જીવ એકલો શું કરી શકવાનો છે ? તું તેના હૃદયમાં પૂર વેગથી પ્રકટ, તેને બીજું સર્વ ભૂલાવ, ને તેને તેના હિતના માર્ગમાં બહુ વેગવાળો કર

૭. વેદાંતશ્રવણાદિ બ્રહ્મજ્ઞાનનાં સાધનોમાં ઉત્સાહ રાખવાની અગત્ય.

પ્રીતિ, સહનશીલતા ને ક્ષમાયુક્ત શ્રદ્ધાવિના બ્રહ્મજ્ઞાનના સાધનોના અનુષ્ઠાનમાં મનુષ્યના ચિત્તમાં અડગ ઉત્સાહ ઉપજતો નથી, ને અડગ ઉત્સાહ ઉપજ્યા વિના મનુષ્યથી પુણ્યની કે જ્ઞાનની પ્રાપ્તિ કરી શકાતી નથી નિષ્કામ શુભ કર્મમાં, પરમાત્મભક્તિમાં કે જ્ઞાનના શ્રવણાદિ સાધનોમાં જે સમુદ્યમ તે ઉત્સાહ કહેવાય છે, અને આલસ્ય તથા હાસ્ય આદિ કુત્સિત વિષયોમાં આસક્તિ, કઠિન શુભકર્મમાં ચિત્તમાં ઉપજતો વિષાદ, ને આત્મશ્રદ્ધાનો અભાવ એ ઉત્સાહના પ્રતિપક્ષીઓ કહેવાય છે.

જેમ આકડાનુ તૂલ વાયુના ગમનાગમનને વશ છે તેમ આ લોકનાં ને પરલોકના સર્વ શુભકાર્યોની સિદ્ધિ અડગ ઉત્સાહને વશ છે, માટે મોક્ષસાધકે પોતાના મનને નિરતર અડગ ઉત્સાહથી ભરપૂર રાખવુ યોગ્ય છે

વિવેકી મનુષ્ય પોતાના મનમા અડગ ઉત્સાહની વૃદ્ધિ કરીને પોતાના મનને નિરતર આત્મામા એકાગ્ર કરે. અડગ ઊત્સાહાદિને અભાવે જે મનુષ્યનુ મન વિક્ષેપવાળુ છે તે મનુષ્ય ક્લેશની દાઢોમા રહ્યો છે એમ જાણવું.

જો તમે વ્યવહારમા સુખી થવા ઇચ્છતા હો તો તમે તમારા અંત.કરણને તમારા પ્રામવ્યવહારમા પરમોત્સાહવાળુ રાખો, જો તમે સકામ શુભકર્મના અનુષ્ઠાનવડે આ લોકનુ કે પરલોકનુ સુખ સંપાદન કરવા ઇચ્છતા હો તો તમે તમારા અત કરણને તમારા તે સકામ શુભકર્મમા પરમોત્સાહવાળુ રાખો, જો તમે શાસ્ત્રોક્ત વા સદ્‌ગુરૂપદિષ્ટ નિષ્કામકર્મના અનુષ્ઠાનવડે તમારા અંત કરણને નિર્મલ કરવા ઇચ્છતા હો તો તમે તમારા અત કરણને તે નિષ્કામકર્મમાં પરમોત્સાહવાળુ રાખો, જો તમે પરમાત્માની અનપાયિની અનન્યભક્તિવડે તમારા અત કરણને પરમાનદમા અહોનિશ ઓતપ્રોત કરી દેવા ઇચ્છતા હો તો તમે તમારા અંત કરણને પરમાત્માની અનપાયિની અનન્યભક્તિનાં સાધનોમા પરમોત્સાહવાળુ રાખો, જો તમે તમારા ચિત્તનો નિરોધ કરવા ઇચ્છતા હો તો તમે તમારા અત કરણને ચિત્તનિરોધનાં સાધનોના અનુષ્ઠાનમાં પરમોત્સાહવાળુ રાખો, ને જો તમે બ્રહ્મસાક્ષાત્કારવડે મોક્ષ મેળવવા ઇચ્છતા હો તોપણ તમે તમારા અત કરણને બ્રહ્મસાક્ષાત્કારના સાધનોના અનુષ્ઠાનમા પરમોત્સાહવાળુ રાખો

ઉત્સાહવિનાનો મનુષ્ય મીણના પુતળાજેવો છે. તે પોતાનુ આ લોકનું કે પરલોકનુ કાંઇ પણ હિત સાધી શકતો નથી.

૮. ઇંદ્રિયનિગ્રહ તથા ચિત્તનિગ્રહ.

શબ્દાદિ વિષયો વસ્તુતાએ સત્ય નથી, ને વિષયોમા, ઇંદ્રિયગણોમાં, અતરિક્ષમાં અથવા અન્ય સ્થલે રાગદ્વેષાદિ દોષો નથી, છતા તેઓ જીવોની ઇંદ્રિયોનુ તથા તેના મનનુ મથન કરી નાખે છે એ સર્વે બાહ્યદૃષ્ટિવડે પ્રતીત થતા વિષયો ને રાગદ્વેષાદિ મિથ્યા છે, માટે હે ઇંદ્રિયો ! હે અત.કરણ ! તમે તેઓમા સત્યપણાની બુદ્ધિ ન રાખો, અને રાગદ્વેષાદિને વશ ન થાઓ તથા વિષયોના ભણી ગાડા થઇને ન દોડો.

વિવેકી મનુષ્યે નેત્રની નિષ્ફલ ચચલતા કદીપણ ન કરવી નિવૃત્તિ-પરાયણ સાધકે પોતાની બંને આખોને થોડી ઊઘાડી રાખી પોતાના નેત્રની વૃત્તિને નાસાગ્રપર સ્થાપેલી અથવા પોતાના ચરણથી ચાર હાથ દૂર રાખવી દૃષ્ટિના ને ચિત્તના ખેદને દૂર કરવા ક્યારેક તેણે દિશાઓનુ અવલોકન પણ કરવુ. જ્યારે કોઇ મનુષ્ય પોતાની સમીપ આવે, ત્યારે તેણે માત્ર તેના પ્રતિચ્છાયા જોઈ તેના સ્વાગતમાટે તેના સામુ સાધારણ રીતે સમભાવવડે જોવું માર્ગાદિમા ચાલતા તેને ચોર આદિને માટે દિશાઓમા દૃષ્ટિ કરવાની અગત્ય જણાય તો તેણે ઊભા રહીને ત્રણે દિશાઓમા જોવુ, ને પાછા વળીને પછવાડે જોવુ. તેણે શરીરની સ્થિતિ યથાયોગ્ય રાખવી, કુચેષ્ટા કરવાવડે તેની અનુચિત સ્થિતિ ન કરવી

પુસ્તકો, પાટલા તથા વાસણાદિ લેવામૂકવામા, બારીબારણાના કમાડો ઊઘાડવાવાસવામા, તથા કાઇ પદાર્થ આપવાલેવામા ખડખડાટ ન થાય તથા ઉદ્ધતપણું ન જણાય એમ વિવેકી સાધકે સાવધાનતા રાખવી જોઇએ

વિવેકી સાધકે પોતાની વાણીને વશ વર્તાવવા બહુ પ્રયત્ન સેવવો બોલ્યા પહેલા મનુષ્ય પોતાની વાણીનો સ્વામી છે, પણ બોલ્યા પછી તે મનુષ્ય પોતાની વાણીનો દાસ થઇ જાય છે એ તેણે કદીપણ નજ ભૂલવુ જોઇએ

જેમ વિષ શરીરમાના અલ્પ વ્રણદ્વારા શરીરમા રહેલા રુધિરને પામી

આખા શરીરમા પ્રસરી જાય છે તેમજ ચિત્તદોષ અતઃકરણમા અણુમાત્ર અવકાશ પામીને ચિત્તમાં પ્રસરી જાય છે, માટે વિવેકી સાધકે કોઈ પણ ચિત્તદોષને પોતાના ચિત્તમા ક્યારેય અણુમાત્ર પણ અવકાશ ન આપવો જોઇએ

જેમ કોઈ ચડ નૃપતિની આજ્ઞાથી તેલથી પરિપૂર્ણ પાત્ર હાથમા લઇને કોઈ પુરુષ ઉઘાડી તરવારોવાળા રાજપુરુષોથી વીંટાઇને આમાથી એક પણ બિંદુ પડશે તો અવશ્ય આ રાજપુરુષો મને મારી નાખશે એવા ભયથી તે પાત્રમાના તેલનુ રક્ષણ કરવામા તત્પર રહે છે તેમ બ્રહ્મચર્યાદિ વ્રત પાળનારે નરકાદિના ભયનો વિચાર કરી પોતાના તે વ્રતનુ પરમધૈર્ય ને અત્યતસાવધાનતાથી સર્વદા રક્ષણ કરવુ જોઇએ

જેમ ભયકર વિષધર સર્પને પોતાના શરીરભણી આવતો જોઇને આ મને કરડશે એવા ભયથી મનુષ્ય સત્વર ઊભો થાય છે તેમ જ્યારે પ્રમાદ, આલસ્ય ને વિષયાનુરાગાદિની પ્રતીતિ પોતાના મનમા થાય ત્યારે સાધકે તુરત સ્વકર્તવ્યનુ સ્મરણ, ઉદ્યોગ ને વૈરાગ્યાદિરૂપ તેનો પ્રતીકાર કરવો

સ્વકર્તવ્યના વિસ્મરણવડે જો સાધકના ચિત્તમા કામાદિ દોષોનો અનુપ્રવેશ થાય તો સાધકે પોતાના ચિત્તમા પરિતાપ પામી આમ ચિંતવવુ જોઇએ –" અહો ! બહુ ખેદની વાત છે કે હુ જાણતા છતા પણ આ દુષ્ટ દોષથી છળાયો હવે મારે તેનુ કેવી રીતે પ્રતિવિધાન કરવુ, કે જેથી હુ પુનઃ તેનાથી ન છળાઉં," એવું ચિંતન કરી પછી તે સર્વદા દઢતા ને સાવધાનતાથી વર્તે, પણ ક્યારેય શિથિલ નજ થાય.

જ્ઞાન, વૈરાગ્ય ને સદાચારવાળા પુરુષના સમાગમમા અનુકૂલબુદ્ધિપૂર્વક રહેવાથી મોક્ષસાધકને સ્વકર્તવ્યની સ્મૃતિ અનાયાસે રહે છે, તેથી મોક્ષસાધક બની શકે તેટલો સમય પ્રીતિપૂર્વક તેવા પુરુષના સમાગમમા રહે.

રૂપાદિ વિષયો આ લોકમા અને પરલોકમા મનુષ્યને અનર્થ ઉપજાવનારા છે, તે વિષયો પોતાનામા (વિષયોમા) પ્રીતિ રાખનાર મનુષ્યને આ લોકમાં

બધ, વધ ને છેદનાદિ દુખો આપે છે, ને પરલોકમા તેને નરકાદિવિષે દારુણ દુખ આપે છે.

જો પૃથિવીપર પડેલા ગતિરહિત હાડકાંઓ ને માસ જોવાથી તને ત્રાસ થાય છે તો તે હાડકાઓ તથા માસ કોઈ વેતાલવડે ચલાયમાન કર્યા છતા તને ભય કેમ ન આપે ? આપેજ. સ્ત્રીપુરુષના જીવતા શરીરે જો હાડમાસાદિનો સમૂહ નથી તો બીજુ શુ છે ? છતા તને તેમનાથી ભય ન થતા તેમા આરૂઢ રાગ શામાટે થાય છે ?

એકજ જાતના આહારમાથી મનુષ્યના મુખની લાળ ને વિષ્ઠા ઉપજે છે, છતા હે મહામોહાધ ! તને વિષ્ઠા અપ્રિય કેમ લાગે છે ? અને મનુષ્યના મુખની લાળનુ પાન કરવુ તને રુચિકર કેમ લાગે છે ? આમ થવાના તારા ચિત્તમા રહેલુ આત્મસ્વરૂપનુ અજ્ઞાનજ કારણ છે, બીજુ કાઈ કારણ નથી

રૂ ભરેલા રેશમના કોમલ તકિયાસાથે, તે દુર્ગંધથી તથા અપવિત્રતાથી રહિત છતા પણ, અપવિત્ર પદાર્થોમા મોહ પામેલા–રાગરૂપ હલાહલ વિષથી મૂર્ચ્છિત થયેલા–કામીઓ કદીપણ રમતા નથી, પણ મનુષ્યશરીર જે દુર્ગંધયુક્ત ને અપવિત્ર છે તેની સાથે તેઓ પ્રસન્નતાથી રમણ કરે છે

હે વિષયાધ ! જો તને અપવિત્ર પદાર્થમા રાગ ન હોય તો તુ અન્યના અપવિત્ર સ્થૂલશરીરને શામાટે રાગપૂર્વક આલિંગન કરે છે ? અન્યનુ સ્થૂલશરીર માસરૂપ કાદવથી લીંપેલુ અને સ્નાયુથી બાધેલુ હાડપિંજર છે. એ તુ સર્વદા સ્મરણમા રાખ

તારા શરીરમાજ લાળ, શેડા, ખોડો, મૂત્ર ને વિષ્ઠા આદિ ઘણા અપવિત્ર પદાર્થો ભરેલા છે, તેથી તું સતોષ પામ, નિત્ય અપવિત્ર પદાર્થોને બહાર કાઢનારા અન્ય મનુષ્યના શરીરનુ હે લાળાદિરૂપ મલભક્ષણ કરવાના સ્વભાવવાળા થયેલા મનુષ્ય ! તું વિસ્મરણ કર.

હે વિષયાધ ! જો તુ એમ કહે કે :–" હુ માંસમા પ્રીતિવાળો થયેલો હોવાથી અન્યના શરીરને જોવાને તથા સ્પર્શ કરવાને ઇચ્છુ છુ " તો હે મૂઢ !

તું અચેતનસ્વભાવવાળા માંસને જોવાને તથા સ્પર્શ કરવાને કેમ ઇચ્છે છે ? જો માંસને જોવાની તથા સ્પર્શ કરવાની તારી ઇચ્છા હોય તો તુ ખાટકીને ત્યા જઈ પશુ આદિના માંસને જો, તથા સ્પર્શ કર જો તું તેના આત્માને જોવાને તથા સ્પર્શ કરવાને ઇચ્છતો હોય તો તુ તેને જોવાને તથા સ્પર્શ કરવાને સમર્થ નથી, છતાં તુ મૂર્ખ થઇને અન્ય મનુષ્યના માંસમય શરીરને રાગભરેલી દૃષ્ટિએ કેમ જુએ છે ? તથા તેનો વૃથા સ્પર્શ શામાટે કરે છે ?

અન્યના શરીરને કદાચ તુ અપવિત્ર ન સમજતો હોય તો તેમા વિવેકી મનુષ્યને બહુ આશ્ચર્ય લાગવા સંભવ નથી, પણ તું પોતાના શરીરને સ્વાનુભવથી અપવિત્ર જાણતો નથી એ બહુ આશ્ચર્યની વાત છે !

હે મહામોહાંધ ! સૂર્યના કિરણોવડે વિકાસ પામેલા પવિત્ર કમલનો ત્યાગ કરી તુ મનુષ્યના અપવિત્ર શરીરરૂપ હાડપિંજરમા શામાટે પ્રીતિ કરે છે ?

માટી કે વસ્ત્ર જો મનુષ્યના મલમૂત્રાદિ અપવિત્ર પદાર્થોથી ખરડાયા હોય તો તુ તેનો સ્પર્શ કરવા ઇચ્છતો નથી, તો અપવિત્ર પદાર્થોના સમૂહરૂપ જે શરીરમાથી તે અપવિત્ર પદાર્થો નીકળે છે તે શરીરનો સ્પર્શ કરવા તુ કેમ ઇચ્છે છે ?

હે મોહાંધ ! જો તને અપવિત્ર પદાર્થમા રાગ નથી તો તુ અપવિત્ર સ્થાનમાથી ઉત્પન્ન થયેલા, અને જેનુ બીજ અપવિત્ર છે, તથા જે અપવિત્ર પદાર્થવડે વૃદ્ધિ પામેલ છે, એવા અન્યના શરીરને ભાન ભૂલીને શામાટે આલિંગન કરે છે ?

હે મૂઢ ! જો તુ વિષ્ઠાદિ અપવિત્ર પદાર્થોમાથી ઉપજેલા અપવિત્ર કૃમિનો સ્પર્શ કરવા ઇચ્છતો નથી તો અપવિત્ર પદાર્થોમાથી ઉપજેલા અન્યના અપવિત્ર શરીરનો સ્પર્શ કરવાને તુ શામાટે ઇચ્છે છે ?

આજ મનુષ્યના મનને આંધળુ કરનાર મહામોહનો દુષ્ટ પ્રભાવ છે, કે જેથી તને તારા અપવિત્ર શરીરપર સૂગ ચઢતી નથી, અને તું અન્યના અપવિત્ર શરીરનો પ્રેમપૂર્વક સ્પર્શ કરવાને ઇચ્છે છે.

કર્પૂરાદિ પવિત્ર ને મનોજ્ઞ પદાર્થો, તથા ચોખા, ઘઉં ને શાકાદિ સુંદર પદાર્થો મુખમા નાખી પછી બહાર કાઢી નાખવાથી ભૂમિ પણ અશુદ્ધ થાય છે, તો તે પવિત્ર ને સુંદર પદાર્થોને પોતાના સંગથી અપવિત્ર ને કુરૂપ કરનાર ને શરીર કેટલુ બધુ અપવિત્ર ને કુરૂપ છે તેનો તું વિચાર કર. આ શરીર અપવિત્ર ને કુત્સિત છે એમ પ્રત્યક્ષ જોતા છતા પણ જો તને તે વાતમાં વિશ્વાસ ન આવતો હોય તો તુ શ્મશાનમા જઇને ત્યા પડેલા બીજા ભયકર શરીરોને જો.

જો માણસના શરીરપરથી ચામડી ઊતારી લેવામાં આવે તો તે શરીરને જોઇને કોમલ હૃદયના મનુષ્યને ત્રાસ ઉત્પન્ન થાય છે, આમ જાણ્યા છતા પણ હે મૂઢ ! તને તે શરીરમા પુન કેમ પ્રીતિ થાય છે ?

સર્વ મનુષ્યોના શરીરોનુ સ્વાભાવિક દુર્ગંધવાળાપણુ જાણી સ્વપરના શરીરમા રાગ ન ઉપજે એજ કલ્યાણકર છે તેને ચદનાદિવડે કૃત્રિમ સુગધવાળું કરી સ્વપરના શરીરમા રાગ ઉપજાવવામા કોઇ પણ મનુષ્યને વાસ્તવિક લાભ નથી

સ્વાભાવિકરીતે વધેલા કેશવડે તથા નખોવડે, દાતણ કર્યા વિના મેલા તથા પીળા થઈ ગયેલા દાતોવડે, સ્નાનાદિના અભાવથી શરીરપર ચઢેલા મેલવડે, અને વસ્ત્ર ધારણ કર્યા વિના નગ્નપણાવડે આ શરીર સ્વાભાવિકરીતે પ્રેતના જેવુ ભયકર લાગે છે. આવા ભયકર શરીરને મૂલ્યવાન્ વસ્ત્રો તથા અલકારોવડે જે મનુષ્ય શણગારવાનો પ્રયત્ન કરે છે તે મનુષ્ય આત્મઘાતમાટે ખડ્ગાદિ શસ્ત્રને સજનાર મનુષ્યના જેવો મૂર્ખ છે.

જો નગરની બહારના વા ગામની બહારના શ્મશાનમા કેટલાક શવોના અસ્થિપજરોને જોઇને તને ઘૃણા ઉત્પન્ન થાય છે તો હે મૂર્ખ મનુષ્ય ! નગરરૂપ વા ગામરૂપ શ્મશાનમા ચાલતા પરશરીરરૂપ અસ્થિપજરની સાથે રમણ કરવાનુ તને કેમ મન થાય છે ?

આવુ અપવિત્ર ને કુત્સિત મનુષ્યશરીર પણ પૂર્વજન્મોના પુણ્યરૂપ મૂલ્ય

આપ્યા વિના પ્રાપ્ત થતુ નથી, વળી આ અપવિત્ર ને કુત્સિત મનુષ્યશરીરના નિવાહ-માટે કૃષિ, વાણિજ્ય ને સેવા આદિમા જોડાઈ મનુષ્યને પુષ્કલ ક્લેશાનુભવ કરવો પડે છે, માટે વિવેકી મનુષ્યે પોતાના આ કુત્સિત ને મલિન શરીરમાથી પ્રીતિ ત્યજી પવિત્ર આત્મામાજ પ્રીતિ રાખવી ઉચિત છે

વિષયાભિલાષી મનુષ્યોને વિષયોની પ્રાપ્તિ કરવામાટે ઘણું દુ ખ ભોગવવુ પડે છે, ને તેના પ્રમાણમા તેમને વિષયજન્ય સુખ તો ઘણુ થોડુ મળે છે, જેમ ઘણા ભારથી ભરેલુ ગાડુ વહન કરનાર બળદોને ભાર ઘણો તાણવો પડે છે, ને માર્ગમા ખાવામાટે માત્ર અલ્પ ઘાસ મળે છે તેમ

અવશ્ય નાશ પામનારા આ તુચ્છ સ્થૂલશરીરના હિતમાટે મનુષ્યોના મોટો ભાગ પ્રાયશ· સર્વ કાલ અત્યત શ્રમ કર્યા કરે છે, તે સમયનો થોડો ભાગ પણ જો તે મનુષ્યો પોતાના આત્માનુ વાસ્તવિક હિત કરવાના કામમા લગાડે તો તેઓ પોતાના આત્માનો સુખપૂર્વક ઉદ્ધાર કરી શકે.

દીર્ઘકાલ તીવ્ર નરકાદિનુ દુ ખ આપનાર શબ્દાદિ વિષયોને, અલ્પ કાલને માટે મરણમાત્ર દુ.ખ આપનારા શસ્ત્ર, વિષ, અગ્નિ, પર્વતપરથી પડવુ, ક શત્રુ એમાના કોઇ એકની ઉપમા આપી શકાતી નથી, અર્થાત્ સ્થૂલશરીરનો નાશ કરનાર શસ્ત્રાદિથી જીવની અધોગતિ કરનારા વિષયો વધારે અપકારક છે

હે મૂઢ મનુષ્ય ! તુ સ્વશરીરમા વા પરશરીરમાં આરૂઢ રાગ શામાટે રાખે છે ? તુ તારા શરીરમાંના સર્વ પદાર્થોને પૃથક્ કરીને જો. વાળ, ત્વચા, નાડીઓ, રુધિર, માસ, હાડકા ને મજ્જા આદિનો સમૂહ તે મનુષ્યનુ સ્થૂલ-શરીર છે. તેમાના કયા પદાર્થમા વિવેકીએ પ્રીતિ રાખવી ઉચિત છે ? એ સર્વ પદાર્થો દુર્ગંધવાળા, અપવિત્ર, નિ·સાર ને જોતાં ગ્લાનિ ઉત્પન્ન કરે એવા છે એમ શુ તને નથી સમજાતુ ?

આ સ્થૂલશરીર કૂતરાં, શીઆળ, વરુ, કાગડા, સમળી ને ગીધ આદિના ભક્ષ્યરૂપ છે, તેમાં વિવેકીએ આરૂઢ પ્રીતિ રાખવી ઉચિત નથી. હે અજ્ઞ મનુષ્ય ! તુ જ્યાસુધી પોતાના સ્થૂલશરીરમાંથી તથા અન્યના સ્થૂલશરીરમાંથી

પ્રીતિ નહિ ત્યજ ત્યાસુધી તને વારવાર સ્થૂલશરીરની પ્રાપ્તિ થયા કરશે, ને ત્રિવિધ તાપથી તુ શેકાયા કરીશ.

શરીરમાના માસ, નાડીઓ ને હાડકાઆદિના સમૂહઉપર જો ચામડી ન હોત તો મનુષ્યને પોતાના સ્થૂલશરીરનુ ગીધ, કાગડા, સમળી ને કૂતરાથી રક્ષણ કરવામાટે બહુજ સાવધ રહેવુ પડત, ને શરીરપરથી માખીઓ ઊડાડવા પણ બહુજ પ્રયત્ન કરવો પડત આવા કુત્સિત શરીરમા જે પ્રીતિ પ્રતીત થાય છે તે મહામોહના સામર્થ્યથીજ પ્રતીત થાય છે શાશ્વતસુખેચ્છુએ એ મહામોહનો નિ શેષ નાશ કરવો જોઇએ

અન્યના શરીરના સ્પર્શથી તારા શરીરના અપવિત્ર મેલઉપરાત અન્યના શરીરના અપવિત્ર મેલનો પણ તારા શરીરાદિની સાથે સયોગ થવાનો સભવ છે, ને તેથી તારા શરીરના માનેલા પવિત્રપણાનો નાશ થવાનો પણ સભવ છે

જો તને તારા પોતાના શરીરના અપવિત્ર ગધવડે તથા તેની મલથી ભરપૂર સ્થિતિના દર્શનવડે પણ તેમા વિરતિ નથી ઉપજતી તો હવે તને અન્યના શરીરાદિમા વિરતિને માટે કયો ઉપદેશ કરવો ?

બહારના તુચ્છ, બંધક ને અસત્ વિષયોભણી વેગથી દોડનારી તારી મહાપાપી ઇદ્રિયોનો તથા તારા બહિર્મુખ મનનો તુ લેશ પણ વિશ્વાસ કદી-પણ ન કર અત્યત કુત્સિત શરીરોમા તેઓજ રમણીયપણાની બુદ્ધિ ઉપજાવી પોતાના તુચ્છ સ્વાર્થમાટે તને તે વિષયોભણી ખેંચે છે હે મૂઢ મનુષ્ય ! તુ સદ્ગુરુનો તથા સતશાસ્ત્રનો સુદૃઢ વિશ્વાસ નહિ કરતા તેવા મહાપાપીઓનો વિશ્વાસ શામાટે કરે છે ?

જેમ અફીણ તથા મદ્યાદિ અત્યત અસાર ને અપકારક પદાર્થોના સેવનમા તારી પોતાની ઇચ્છાથી કે અન્ય મનુષ્યના આગ્રહથી તુ પ્રવૃત્ત થાય નહિ તેમ વિષયસેવનને અત્યત અસાર ને અપકારક જાણી તેમા તારી ઇચ્છાથી વા સામા મનુષ્યની ઇચ્છાથી તારે શામાટે પ્રવૃત્ત થવું જોઇએ ?

આવી રીતે મહાન્ ભયના હેતુરૂપ વિષયોથી ઉદ્વેગ પામીને વિવેકમા પ્રીતિ ઉપજાવવી એજ આ મનુષ્યજન્મનો ઉત્તમ લાભ છે

પોતાનુ વાસ્તવિક સ્વરૂપજ શબ્દાદિ વિષયોથી અસખ્યગણુ શ્રેષ્ઠ હોવાથી ચદનના જેવા શીતલ ને ઉજ્જ્વલ ચદ્રના કિરણોવાળા, રમ્ય ને સ્વચ્છ શિલાતલોવાળા, કલહરહિત, ખેદરહિત, કોલાહલરહિત, પ્રસન્નતા ઉપજાવનારા, પવિત્ર ને પ્રશાત એવા વનમા, પવિત્ર શન્યાલયમા, પવિત્ર વૃક્ષની નીચે, કે રમણીય ગુફામા તૃષ્ણારહિત વિવેકી યોગીઓ પોતાના વાસ્તવિક સ્વરૂપનુ વા સ્વપરના હિતનુ ચિંતન કરે છે

આત્માભિલાષી, ગૃહના અભિમાનવિનાનો, ને કોઇથી પ્રતિબધ નહિ પામેલો પુરુષ જે સતોષરૂપ સુખને અનુભવે છે તે સતોષરૂપ સુખ ઇન્દ્રને પણ દુર્લભ છે.

અજ્ઞાની મનુષ્યો ઇંદ્રિયોની વ્યાકુલતારૂપ દુઃખમાથી નીકળવામાટે વિષયસેવનરૂપ દુઃખભણીજ પ્રીતિપૂર્વક દોડે છે, અને સુખ મેળવવાની ઇચ્છાએ અત્યત અવિવેકથી શત્રુની પેઠે પોતાના વાસ્તવિક સુખને હણે છે. તે મનુષ્યોના શુભ કર્મનો ઉદય થયે પરમાત્મા તેમના અવિવેકને દૂર કરી અનેક પીડાઓથી પીડાયેલા અને સુખાભિલાષીઓની સર્વે પીડાઓનુ છેદન કરીને તેમને સર્વે સુખોથી યુક્ત કરે છે. આ જગતમા તે પરમાત્માજેવા અન્ય સજ્જન, સુહૃત્ ને મિત્ર કોણ છે ? કોઇ પણ નથી

સદ્ગુરુના ઉપદેશનુ રક્ષણ કરવાની ઇચ્છાવાળા મનુષ્યે પોતાના ચિત્તનુ વિષયોથી ને દુર્જનોથી પ્રયત્નપૂર્વક રક્ષણ કરવુ ઉચિત છે ચલાયમાન ચિત્તનુ રક્ષણ નહિ કરનારા મનુષ્યથી સદ્ગુરુના ઉપદેશનુ રક્ષણ કરવુ શક્ય નથી

સ્વચ્છદી ને ઉન્મત્ત હાથીઓ મનુષ્યને તે પીડા નથી કરી શકતા કે જે પીડા આ લોકમાં તથા પરલોકમા છૂટો મૂકેલો ચિત્તરૂપ હાથી મનુષ્યને કરે છે.

જો ચિત્તરૂપ હાથી સર્વદા આત્માની સ્મૃતિરૂપ સાકળથી સારી રીતે

બાંધેલો હોય તો મનુષ્યનું સર્વ ભય અન્તગત થયું, ને તેને સર્વ કલ્યાણ પ્રાપ્ત થયું.

વ્યાઘ્રો, સિંહો, ગજો, રીંછો, સર્પો, સર્વ શત્રુઓ, ડાકણો, પ્રેતો ને રાક્ષસો એ સર્વ એક ચિત્તના બંધનથી બંધન પામેલાં થાય છે, ને એક ચિત્તના દમનથી દમન પામેલા થાય છે

આ જગતમા મનુષ્યને સર્વ ભયો ને અપરિમિત દુખો બહિર્મુખ ચિત્તથીજ થાય છે, તેથી અહિં બહિર્મુખ ને પાપવાળા ચિત્તથી અન્ય કોઈ પણ ભયાનક નથી એમ બ્રહ્મવાદીઓએ કહ્યુ છે

ચિત્ત ને ચૈત્યનો (ચિત્તે કલ્પેલા પ્રપચનો) ત્યાગ કરવો એજ મહાદાન છે, ચિત્તમાથી હિંસાદિ નિષિદ્ધ કર્મ કરવાની ઇચ્છા ત્યજી દેવી તે શીલ છે, ને ચિત્તમાથી ક્રોધનો નાશ કરવામા આવે તેજ સર્વ શત્રુઓનો વાસ્તવિક નાશ છે.

જેમ સર્વ ભૂમિને આચ્છાદાન કરવામાટે પૂરતુ ચર્મ મળી શકવા સભવ નથી, પણ પાદત્રાણમા જોઇતા થોડા ચર્મવડે સર્વ પૃથ્વી આચ્છાદિત થઈ ગયેલી અનુભવાય છે, તેમ બહારના સર્વ પદાર્થો નિવારણ કરવાનુ મનુષ્યમા સામર્થ્ય નથી, પણ જો પોતાના ચિત્તનુ બહિર્મુખપણું નિવારણ કરવા કોઇ મનુષ્ય ધારે તો તે થઈ શકે એમ છે પછી અન્યનુ નિવારણ કરવાની તેને કાઇ પણ અગત્ય રહેતી નથી

મદબુદ્ધિવાળા પુરુષે પોતાના અન્યત્ર આસક્તિવાળા ચિત્તથી દીર્ઘકાલપર્યંત કરેલાં જપરૂપ તથા તપોરૂપ કર્મો અતિતુચ્છ ફલ આપનારા છે એમ તત્ત્વવેત્તાઓ કહે છે

જેઓ પોતાના ચિત્તને તત્ત્વભાવનાવડે સ્થિર કરવા પ્રયત્ન કરતા નથી, પણ દુખને દૂર કરવા ને સુખને પ્રાપ્ત કરવા અન્ય ઉપાયો કરે છે, તેઓનો તે પ્રયત્ન બહુ ઉપકારક થતો નથી.

વિવેકી મનુષ્યે દુષ્ટ વિષયોથી પોતાના ચિત્તનુ સારી રીતે રક્ષણ કરવું

ઉચિત છે. ચિત્તની રક્ષા કરવારૂપ વ્રત મૂકીને બીજાં વ્રતો કરવાથી મનુષ્યને બહુ લાભ થતો નથી.

રમણીયપણાની બુદ્ધિપૂર્વક વિષયધ્યાન, વિષયદર્શન ને વિષયોપભોગ મનુષ્યના ચિત્તની શાંતિમાં ને તૃપ્તિમાં લેશ પણ હેતુભૂત થતા નથી એ મુમુક્ષુએ કદીપણ નજ ભૂલવું જોઇએ; અને સર્વ દૃશ્યમાં અસત્યપણું, તુચ્છપણું ને બંધકપણું એ મહાદોષો રહેલા છે એમ વિવેકપૂર્વક દૃઢ કરી, પછી તેનું શુદ્ધભાવથી વિસ્મરણ કરી, સર્વદા બ્રહ્મધ્યાનમાં નિરત રહેવાનું મુમુક્ષુએ સર્વદા સ્મરણમાં રાખવું જોઇએ

ચપલ મનુષ્યોમાં રહેલો વ્રણવાળો મનુષ્ય જેમ પોતાના વ્રણનું આદરથી રક્ષણ કરે છે તેમ દુર્જનોમાં રહેલા વિવેકી મનુષ્યે સર્વદા પોતાના ચિત્તરૂપ વ્રણનું આદરથી રક્ષણ કરવું જોઇએ. જો અલ્પ દુઃખના ભયથી મનુષ્ય પોતાના શરીરપરના વ્રણનું રક્ષણ કરે છે તો અપાર દુઃખના ભયથી વિવેકી મનુષ્યે દુષ્ટ વિષયોથી પોતાના ચિત્તનું રક્ષણ શામાટે ન કરવું જોઇએ? આમ સાવધાનતાપૂર્વક પોતાના ચિત્તનું રક્ષણ કરનાર ધીર મુનિ દુર્જનોમાં કે પ્રમદાઓમાં અનિવાર્ય પ્રસંગોમાં વિચરતો છતો પણ પોતાના બ્રહ્મચર્યાદિ વ્રતને ખંડિત થવા દેતો નથી.

એવો ધીર મુનિ આમ વિચારે છે—"ભલે મારા વ્યાવહારિક લાભો નાશ પામે, લોકો ભલે મારો સત્કાર ન કરે, ને મારા શરીરનો પણ ભલે નાશ થાય, પણ મારું ચિત્ત કદીપણ દુષ્ટ વિકારોને વશ નજ થાઓ."

સ્થૂલશરીરના કોઇ વ્યાધિથી પીડિત મનુષ્ય જેમ કોઇ પણ કર્મમાં સમર્થ થતો નથી તેમ કર્તવ્યની સ્મૃતિવિનાનું ને પોતાની વર્તમાન સ્થિતિના જ્ઞાનના અભાવવાળું વ્યાકુલ ચિત્ત પણ કોઈ કર્મમાં સમર્થ થતું નથી

બહુશ્રુત, શ્રદ્ધાવાન્ ને સદ્ગુરુના ઉપદેશમાં આદર રાખનારા અનેક મનુષ્યો પોતાના ચિત્તના દુષ્ટ બાહ્યવેગને નહિ ઓળખવાથી ને તેને રોકવાનો પ્રયત્ન

નહિ કરવાથી આપત્તિથી કલુષિત થયા છે, માટે સુખેચ્છુ મનુષ્યે પોતાના ચિત્તના દુષ્ટ બાહ્યવેગને ઓળખવો જોઇએ, ને તેને રોકવાનો સદાગ્રહપૂર્વક પ્રયત્ન સર્વદા કરવો જોઇએ

સ્વકર્તવ્યની સ્મૃતિના અભાવને અનુસરનાર પોતાના ચિત્તના નિરીક્ષણના અભાવરૂપ ચોરે જેમના સગ્રહ કરેલા પુણ્યો ચોરી લીધા છે એવા મનુષ્યો દુર્ગતિને પામે છે, માટે વિવેકી મનુષ્યે સર્વદા સ્વકર્તવ્યનુ સ્મરણ રાખી પોતાના ચિત્તનુ સાવધાનતાથી નિરીક્ષણ કરવુ જોઇએ

મનોદોષરૂપ ચોરનો સમૂહ મનુષ્યોના છિદ્રોનુ અન્વેષણ કરવામા સર્વદા તત્પર છે, તેઓ પ્રવેશમાર્ગને પામીને ચોરી કરે છે, ને મનુષ્યના સદ્ગતિરૂપ જીવિતને હરે છે આમ છે, તેથી સાધકે પોતાના મનમાથી સદ્ગુરુએ ઉપદેશ કરેલા તત્ત્વની સ્મૃતિને કદીપણ દૂર થવા દેવી નહિ, ને પ્રારબ્ધદોષથી કદી તે દૂર થાય તો તેવડે થનારી પોતાની દુખદ અધોગતિનુ સ્મરણ કરીને પાછુ તેનુ ઉપસ્થાપન કરવુ

મોક્ષસાધક પોતાના ચિત્તરૂપ ઉન્મત્ત હાથીને સર્વદા સર્વ પ્રયત્નવડે જોતા રહે, કે જેથી તે પરમતત્ત્વરૂપ મહાસ્તભમા બાધ્યો હોય ત્યાથી છૂટો ન થઇ જાય વિવેકી સાધક વર્તમાનકાલમા મારુ મન ક્યા વર્તે છે એમ વારવાર જોતો રહે, ને તેની એકાગ્રતાનો પ્રમાદથી કદીપણ ત્યાગ ન કરે વિવેકી મનુષ્ય પોતાના મનની, જ્ઞાનેદ્રિયોની ને કર્મેન્દ્રિયોની નિરર્થક ને સદોષ પ્રવૃત્તિ સદ્ગુરુની શિક્ષાનુ સ્મરણ રાખીને કદીપણ ન કરે

મોક્ષસાધકને જ્યારે ચાલવાની અથવા કાંઈ પણ બોલવાની ઇચ્છા થાય ત્યારે તે પ્રથમ પોતાના ચિત્તની સ્થિતિ જોઇને પછી ધૈર્યવડે જે કરવા-યોગ્ય હોય તે કરે, અર્થાત્ જેમ ચાલવુ ઘટે તેમ ચાલે વા ઊભો રહે, કિંવા જેમ બોલવુ ઘટે તેમ બોલે વા મૌન રહે. જ્યારે તે પોતાના મનને રાગ વા દ્વેષવડે ઘેરાયેલુ જુએ ત્યારે તે પોતાના હાથપગ આદિનુ ચલન ન કરે, કાંઈ ન જુએ, તથા કાઇ પણ ન બોલે, કિંતુ તે શરીરના ને ઇંદ્રિયોના સર્વ

વ્યાપારોને ત્યજી આત્મસ્વરૂપમા કાષ્ઠની પેઠે નિશ્ચલ સ્થિતિ કરે. જ્યારે પોતાના ચિત્તમા અન્ય કોઈ પણ વિકારનો પ્રાદુર્ભાવ થયેલો જોવામા આવે ત્યારે પણ ને સાવધાન થઇ પોતાના ચિત્તના સર્વ વ્યાપારોને ત્યજી આત્મસ્વરૂપમા કાષ્ઠની પેઠે નિશ્ચલ સ્થિતિ કરે

મોક્ષેચ્છુ સાધકે પોતાના મનને સુનિશ્ચિત, સુપ્રસન્ન, ધીર, સત્કર્મમા આદરવાળુ, અકાર્યમા લોકલજ્જાવાળુ, અકાર્યમા ભયવાળુ, સુમેરુજેવુ અચલ, શાંત, પરમાત્માના આરાધનમા તત્પર, ને દયાવાળુ રાખવુ

મોક્ષેચ્છુ સાધકે પોતાના મનમા જ્યારે ક્રોધ પ્રકટે ત્યારે આવા વિચારો કરવા જોઇએ –

"હે મન ! તું મહામૂર્ખ છે, કેમકે તુ દુ ખને ઇચ્છતુ નથી, અને દુઃખના હેતુ ક્રોધને ઇચ્છે છે તારા પૂર્વના કોઇ કુકર્મરૂપ અપરાધથી તને હમણા દુ ખ પ્રાપ્ત થય છે તો તે પ્રાપ્ત થયેલા દુ ખમાં તુ બીજા પ્રાણીપર ક્રોધ શામાટે કરે છે ?

હે મન ! જેમ અસિપત્રવનનામનું નરક ને નરકમાનાં ગૃધ્રાદિ પક્ષીઓ પાપી મનુષ્યના પાપકર્મોથી તેને દુઃખ દેવામાટે ઉપજ્યા છે તેમ તને પીડા કરનારા લોકો પણ તારા કોઇ કુકર્મથી ઉપજ્યા છે તો તુ તેમના ઉપર ક્રોધ શામાટે કરે છે ?

હે જીવ ! તારા કોઇ કુકર્મથી પ્રેરાયલા આ લોકો તારા ઉપર અપકાર કરવા જન્મ્યા છે, તેથી તારે તારા કુકર્મની નિંદા કરવી જોઇએ, પણ તે લોકોની નકામી નિંદા તારે શામાટે કરવી જોઇએ ?

હે જીવ ! તારા ઉપર અભિમાનપૂર્વક અપકાર કરનારાઓને જો તુ ક્ષમા કરીશ તો તેઓના આશ્રયથી તારું પાપ નાશ પામશે ને તેઓ પોતાના પાપકર્મવડે નરકની તીક્ષ્ણ વેદના ભોગવશે. ખરી રીતે જોઇએ તો તું તેમના ઉપર અપકાર કરે છે, ને તેઓ તારા ઉપર ઉપકાર કરે છે, છતાં તું વિપર્યયબુદ્ધિ કરીને તેમના ઉપર ક્રોધ શામાટે કરે છે. ?

હે જીવ ! તું અમૂર્ત હોવાથી તને કોઇ પણ પ્રાણીથી કાંઇ પણ દુઃખ આપી શકાય એમ નથી, અને સ્થૂલશરીરના દુઃખથી તને દુઃખ થાય છે એમ જો તુ કહે તો તે દુઃખ તને માત્ર અભિનિવેશથી થાય છે, તેથી તે સત્ય નથી, પણ મિથ્યા છે.

હે જીવ ! લોકો તારો વાણીવડે કે અન્યરીતે ધિક્કાર કરે તેમા તારુ આ લોકમા કે પરલોકમા શુ બગડી જાય છે કે તું કોપને વશ થાય છે ? લોકોએ કરેલો ધિક્કાર તારા માનેલા કોઇ લાભમાં તને વિઘ્ન કરે છે એમ જો તું માનતો હોય તો તે વાતનો કદાચ સ્વીકાર કરાય, પણ જો તું તારા કરેલા પાપનુ ફલ આ વેલાએ નહિ ભોગવ તો તારુ કરેલુ તે પાપ તો ભોગવ્યા વિના નિશ્ચય એમનુ એમ સ્થિર રહેશે, ને તેનુ ફલ તારે આગળ ઉપર અવશ્ય ભોગવવું તો પડશેજ

હે જીવ ! જીવવાથી શુભ પ્રયત્નવડે પાપનો ક્ષય ને પુણ્યનો લાભ કરાય છે એમ જો તું કહે તો જીવતા છતાં ક્રોધ કરવાથી તારા પુણ્યનો ક્ષય થઇ તને પાપનો લાભ થાય છે તેનો પણ તારે વિચાર કરવો જોઇએ.

હે જીવ ! તને અપમાનના વચનો સંભળાવનારાની ઉપર, તારા ઉપર કે તારા પ્રિયસબંધિજનોપર અપકાર કરનારની ઊપર, ને ધર્મથી વિરુદ્ધ વર્તનારાના ઉપર પણ તારે તો નિરતર કરુણાજ રાખવી જોઇએ, કેમકે પૂર્વના મહાપુરુષોએ તેમ કર્યું છે.

દેહધારીને કોઇ જીવચેતનથી વા પાષાણાદિ કોઇ અચેતન પદાર્થથી પોતાના પ્રારબ્ધાનુસાર વ્યથા થાય છે, તો કોઇ જીવચેતને (મનુષ્યાદિ પ્રાણીએ) તને વ્યથા કરી તેમા તું તેના પર ક્ષમા ન રાખતા કોપ શામાટે કરે છે ? કેમકે વ્યથા કરનાર પાષાણાદિ અચેતનપર તો તુ પ્રાયશઃ ક્રોધ કરતો નથી.

હે જીવ ! એક મનુષ્ય મોહથી (અવિવેકથી) તારા પ્રતિ અપરાધ કરે છે, ને તુ પણ તેના પર અવિવેકથી કોપ કરે છે, તો કહે આમાં કોને

નિર્દોષ ને કોને અપરાધી કહેવો ? માત્ર તેજ દોષવાળો ને તુ નિર્દોષ એમ શી રીતે કહેવાય ?

હે જીવ ! એવુ કર્મ તેં પૂર્વે શામાટે કર્યું કે વર્તમાનકાલમા તું બીજાઓવડે પીડા પામે છે? આ પ્રતીત થતા વિશ્વમા સર્વે પ્રાણીઓ પોતપોતાના કર્મને વશ વર્તે છે, તેને અન્યથા કરવા કોણ સમર્થ છે ? માટે પોતાના પૂર્વકર્મથી પ્રાપ્ત થતા દુઃખને સહન કરી પુણ્યકર્મો કરવા પ્રયત્ન કર, કે જેવડે સર્વ પ્રાણીઓ તારા ભણી મૈત્રીયુક્ત ચિત્તવાળા થાય.

જેમ કોઇ રાજા મારવાયોગ્ય મહાપરાધી મનુષ્યનો હાથ કાપીને તેને છોડી દે તો તેમા તે મહાપરાધી મનુષ્યનુ શુ નઠારુ થયુ ? તેમ જો પાપી મનુષ્યને વર્તમાનમા પ્રાપ્ત થતાં દુઃખોવડે તે ભવિષ્યના નરકના મહાન્ દુઃખથી મોકળો થાય તો તેમા તેનુ શુ નઠારુ થયુ ? આમ વિચારી સમજુ મનુષ્યે પોતાના પાપકર્મવડે પ્રાપ્ત થયેલા દુઃખથી કોઇનો ઉપર ક્રોધ ન કરવો, પણ પોતાના મનને શુદ્ધભાવથી શાંત રાખવું.

હે જીવ ! જો તુ અહિનુ સાધારણ દુઃખ પણ સહન કરી શકતો નથી તો પછી ક્રોધથી પ્રાપ્ત થતા નરકનુ મહાભયકર દુઃખ તું કેમ સહન કરી શકીશ ? તેથી તારા હિતમાટે તુ ક્રોધનો ત્યાગ કર.

હે જીવ ! તેં દુષ્ટ ક્રોધને વશ થઇને ઘણું દુઃખ સહન કર્યું, પણ તેં પોતાના કે અન્યના હિતમાટે લેશ પણ દુઃખ સહન કર્યું નથી એ શુ તેં થોડું અનુચિત કર્યું છે ?

આ મનુષ્યે મારા ધર્મપાલનમા વિઘ્ન કર્યું એમ માનીને પણ કોઈ મનુષ્યાદિના ઉપર કોપ કરવો ઉચિત નથી, કેમકે ક્ષમાના જેવું અન્ય તપ નથી જો તુ તારી મૂર્ખાઇથી અન્યને ક્ષમા નહિ કર, તો તેં તને પોતાનેજ પુણ્યકર્મમા હાનિ પહોચાડી એમ ઠરશે

આ લોકમા દ્રવ્યની યાચના કરનારાઓ સુલભ છે, પણ અપકાર કરનારાઓ દુર્લભ છે, કેમકે અન્ય પ્રાણીઓનો અપરાધ નહિ કરનારનો અપકાર કરનારા ઘણા કયાથી હોઈ શકે ?

જો તુ એકજ સાધનથી સર્વ જગતને વશ કરવા ઇચ્છતો હોય તો તુ તારી વાણીને પરનિંદા કરવાથી ઘણામા ઘણી મોકળી રાખજે.

પોતાના ઘરમાથી અનાયાસે મળી આવેલા સુવર્ણનિધિની પેઠે શ્રમવિનાજ પ્રાપ્ત થયેલા તથા પરમતત્ત્વના જ્ઞાનમા સાહાય્ય કરનાર હોવાથી ઉપકારી એવા તારા શત્રુની તારે સ્પૃહા કરવી જોઇએ, પણ તેનો તારે દ્વેષ નજ કરવો જોઇએ.

જે અપકારી મનુષ્યના સદ્ભાવથી તુ ક્ષમારૂપ શુભગુણ સપાદન કરવા સમર્થ થાય છે તે ક્ષમાવડે પ્રાપ્ત થનારુ શુભ ફલ તારે તે અપકારીને અર્પણ કરવુ ઉચિત છે.

ક્ષમાના પરિપાકવિનાનો હોવાથી જો તુ ચેતનરૂપ શત્રુને પૂજ્ય (દાન માનાદિવડે સત્કાર કરવાયોગ્ય) ન ગણી શકતો હોય તો પછી સિદ્ધિના હેતુરૂપ જડ સદ્ધર્મને તુ પૂજ્ય કેમ ગણી શકીશ ?

પ્રાણીઓના સત્કારથી ને તત્ત્વજ્ઞોના આરાધનથી મનુષ્યના અત કરણની નિર્મલતા થાય છે, માટે તારો અપકાર કરનાર પ્રાણીઉપર પણ તારે સ્નેહ રાખી તેનો સત્કાર કરવો યોગ્ય છે

સર્વ અપકાર કરનારાઓને ક્ષમા આપવી તેજ પરમાત્માનુ આરાધન છે, તેજ શુભ સ્વાર્થનુ સારુ સાધન છે, ને તેજ લોકોના દુ ખોની નિવૃત્તિ છે, માટે એજ તારુ વ્રત હો.

કોઇ રાજસેવક પોતાના રાજાની પ્રજામાના કોઇ ગૃહસ્થને પીડા કરે છે તો તે દીર્ઘદર્શી ગૃહસ્થ તે રાજસેવકની પછવાડે રાજાના બલને જુએ છે, તેથી તે રાજસેવકને સામી પીડા આપવા પ્રવૃત્ત થતો નથી તેમ વિવેકીએ પોતાના ઉપર અપકાર કરનાર પ્રાણીના હૃદયમા રહેલા પરમાત્માને જોઇને તે અપકાર કરનાર પ્રાણીને પીડા કરવા પ્રવૃત્ત થવું ઉચિત નથી જો રાજા કોઇ અપરાધીઉપર કોપે તો તે તેને અલ્પ દુ ખ આપે છે, ને પરમાત્મા જો કોઇ મનુષ્યના દુષ્ટ કર્મથી તેના ઉપર કોપે તો તે મનુષ્યને નરકની ભયકર

યાતના ભોગવવી પડે છે. જો કોઇ રાજા કોઈ મનુષ્યપર પ્રસન્ન થાય તો તે તે મનુષ્યને અલ્પ સુખ આપી શકે છે, ને પરમાત્મા જો કોઈ મનુષ્યના સુકર્મથી તેના ઉપર પ્રસન્ન થાય તો તેઓશ્રી તે મનુષ્યને અપાર સુખ આપી શકે છે, માટે અપકાર કરનારપર ક્ષમા રાખવાની પરમાત્માની આજ્ઞાનુ શુદ્ધભાવથી પરિપાલન કરી તેમને તારે પ્રસન્ન કરવા ઉચિત છે.

જેમ હાથ આદિ બહુ પ્રકારના ભેદોવડે શરીર એક છે, ને તે પરિપાલન કરવાયોગ્ય છે, તેમ જગત્માંના સર્વે પ્રાણીઓ ભિન્ન ભિન્ન છતા તેઓ તારા સ્વરૂપથી ભિન્ન નથી, માટે તારે તેઓ તારા શરીરની પેઠે પરિપાલન કરવાયોગ્ય છે.

વિવેકી સાધક પોતાના શરીર, ઇંદ્રિયો ને અત કરણને વશ રાખી પોતાના મુખને સર્વદા પ્રસન્ન રાખે, કદીપણ ભ્રૃકુટિ ચઢાવે નહિ, સર્વનુ યથાયોગ્ય સ્વાગત કરે, અને સર્વ પ્રાણીઓનો અકારણ બાંધવ થાય

તારી કોઇ સજ્જનપ્રતિ પ્રાર્થના નહિ છતા પણ, પોતાના અન્યનુ હિત ઇચ્છવાના સ્વભાવથી કોઇ સજ્જન તને તારા હિતની શિક્ષા આપે તો તેમના વચનને તારે પ્રીતિપૂર્વક પોતાના મસ્તકપર ચઢાવવુ, પણ મનમા તેમના ઉપર રોષ ન કરવો, વા તેમનુ કોઇ પણ રીતે અપમાન ન કરવુ. સર્વ પ્રાણીઓની સાથે વિનયથી વર્તવુ, અને પોતાના સમધમા આવનાર સર્વે મનુષ્યોપાસેથી શીખવાયોગ્ય હોય તે સર્વ આદરપૂર્વક શીખવુ

સુભાષિત વચનોના ઉત્તરમા તે વક્તાના પરિતોષમાટે શુભ વચનો બોલવા, અને પુણ્યવાન્ પુરુષોને જોઇ તેમને ઉત્સાહ વધે એવા હર્ષના વચનો બોલવા, કિંતુ બનતાસુધી કોઇને અપ્રિય વચનો નજ કહેવા.

પુણ્યવાન્ સજ્જનોના ગુણનુ હર્ષપૂર્વક કથન કરવામા મનુષ્યને આ લોકમા કાંઈ પણ વ્યય થતો નથી, ને આ લોકમા તથા પરલોકમા તેને ઘણું સુખ પ્રાપ્ત થવાનો સંભવ છે, અને અન્યની અસૂયા કે દ્વેષ કરવાથી આ લોકમા માનસ-

સતાપ થાય છે, ને પરલોકમા મહાન્ દુ:ખ થવાનો સંભવ છે, માટે પુણ્યવાનના પુણ્યનુ હર્ષપૂર્વક કથન કરવું, ને કોઇની અસૂયા કે દ્વેષ ન કરવા

દ્વેષસમાન બીજુ પાપ નથી, ને ક્ષમાસમાન બીજુ તપ નથી, તેથી સુખેચ્છુએ નાનાપ્રકારના ઉપાયોવડે પ્રયત્નપૂર્વક ક્ષમા સંપાદન કરવી જોઇએ

જો મનુષ્યના હૃદયમા દ્વેષરૂપ શલ્ય સ્થિત હોય તો તે મનુષ્યના મનને શાતિ, પ્રીતિ, સુખ, નિદ્રા ને ધૈર્ય પ્રાપ્ત થતા નથી, માટે શાતિ આદિ મેળવવાની ઇચ્છા રાખનાર મનુષ્યે પોતાના મનમાંથી દ્વેષનો નિ:શેષ ત્યાગ કરવો જોઇએ. ”

જો બીજા મનુષ્યો તારી સ્તુતિ કરે તે સાભળીને તુ પ્રસન્ન થાય છે તો હે મન ! તુ અન્યના શુભગુણોની એવી રીતે સ્તુતિ કરીને શામાટે પ્રસન્ન થતું નથી ? અભિમાન, દ્વેષ ને અસૂયાથી કોઇને કાઈ લાભ થવાનો લેશ પણ સંભવ નથી, પણ સર્વથા હાનિ થવાનોજ સભવ છે. એ તું સર્વદા સ્મરણમા રાખજે

સ્તુતિ, યશ ને સત્કાર મનુષ્યને પુણ્યમાટે, આયુષ્યમાટે, બલમાટે, આરોગ્યમાટે કે શરીરસુખમાટે થતા નથી તેવડે મનુષ્યના મનને લૌકિક સુખ થાય છે એમ કહેવામા આવે તો મદ્યપાન ને દ્યૂતક્રિયા પણ માનસસુખ ઇચ્છનાર મનુષ્યને સેવ્ય થશે, જે વાત અંગીકાર કરાય એવી નથી સ્તુતિના અક્ષરો મનુષ્યને કાઇ ભક્ષણ કરવાના કામમા આવતા નથી, ને મરણકાલે પણ તેને તેનો કાઈજ ઉપયોગ નથી, માટે વિવેકી મનુષ્યે એવી નિરુપયોગી સ્તુતિની તૃષ્ણા રાખવી એ કોઇ પણ પ્રકારે યોગ્ય નથી

અન્ય મનુષ્ય દાન કરે કે શુભ કર્મ કરે તેમા તેની ઈર્ષ્યા કરવી ઉચિત નથી, અને અન્ય મનુષ્યના શુભ ગુણમા વા શુભ કર્મમા અસૂયા રાખવી એ પણ ઉચિત નથી.

તારા શત્રુનુ કાઈ અપ્રિય થયુ હોય તે જાણીને તુ જો હર્ષ પામે છે તો

શુ તેથી તેનુ કાઇ વધારે અપ્રિય થશે ? નહિ થાય, પણ તેવડે તારા અંતઃકરણના સાત્વિકઅલનો ક્ષય તો અવશ્ય થશેજ, માટે તુ કોઇનુ અપ્રિય થયેલુ સાભળીને હર્ષ નજ પામ

કોઇ બાલકોએ વિનોદ મેળવવામાટે કરેલા ધૂળના ઘોલકા ભૂસી નાખવાથી જેમ તે બાલકો રડે છે, પણ મોટા વયના માણસને તેની કાંઈ અસર થતી નથી, તેમ મૂર્ખ માણસોને ભલે સ્તુતિનિંદાની અસર થાય, પણ વિવેકી મનુષ્યોને સ્તુતિનિંદાની કાંઈ પણ અસર ન થવી જોઇએ.

શબ્દ જડ હોવાથી તે તારી સ્તુતિ કરે છે એમ માનવુ અસભવિત છે, ને બીજાની તારામા પ્રીતિ છે તેથી તે મનુષ્ય તારી સ્તુતિ કરે છે એમ જો તુ કહે તો તે તારુ કથન પણ શિશુચેષ્ટિતજેવુ છે બીજાની તારામા કે અન્યમા પ્રીતિ હોય તો તેવડે તેને સુખ થાય છે, તને તેનુ અલ્પ પણ સુખ થતુ નથી તેના સુખવડે તને સુખ થાય છે એમ જો તુ કહે તો તને સર્વત્ર તેવુ સુખ હો

વિવેકી મનુષ્યે સજ્જનના શુભગુણોનુ તેમની સમક્ષ કથન નહિ કરતા પરોક્ષમા તેમના શુભગુણોનુ કથન કરવુ કોઇ મનુષ્ય કોઇ સજ્જનની સમીપ તેમના શુભગુણોનુ અન્યના સાભળતા કથન કરતો હોય તો વિવેકી મનુષ્યે તેના અનુવાદકપણાવડે સજ્જનના શુભગુણોનુ કથન તેમના સમક્ષમા પણ કરવુ પોતાના શુભગુણોની કોઈ સજ્જન શ્લાઘા કરે તો તે સાભળી વિવેકી મનુષ્યે ગર્વ નહિ કરતા માત્ર તેના ગુણજ્ઞપણાનો પોતાના મનમા વિચાર કરવો

સર્વ પ્રકારના પ્રયત્નવડે મનુષ્યે પોતાના મનમા સતોષ પ્રાપ્ત કરવાનો છે તે સતોષ ધનના દાનવડે પણ પ્રાપ્ત થવો દુર્લભ ગણાય છે, તેથી અન્ય મનુષ્યોએ શ્રમવડે સંપાદન કરેલા શુભગુણોનુ પ્રસન્નતાપૂર્વક કથન કરીને તુ સતોષથી ઉપજતુ અપૂર્વ સુખ અનુભવ

અસત્યાદિ સર્વ દોષોથી રહિત, વ્યાકરણના દોષોથી રહિત, સદેહરહિત, સ્પષ્ટ અર્થવાળું, શ્રોતાના મનને આનદ આપનારુ, શ્રોતાના કાનને સતોષ

ઉપજાવનારુ, કરુણારસથી ભીંજેલુ, કર્કશ શબ્દોથી રહિત એટલે મૃદુ, ને મદ એટલે જેટલા ધ્વનિવડે શ્રોતાના કાનને પ્રતિપાદ્યની પ્રતીતિ થાય એવુ બોલવુ

સર્વ પ્રાણીઓને રાગ, દ્વેષ ને મોહથી રહિત વિશુદ્ધ પ્રેમથી સરલભાવવડે જોવા જેમ કોઇ તરસ્યો મનુષ્ય ઉષ્ણકાલમા મિષ્ટ ને શીતલ જલને પીને પ્રસન્ન થતો હોય તેમ પોતાના નેત્રવડે સર્વ પ્રાણીઓને જોઇને સર્વદા પ્રસન્ન થવુ આવી પ્રવૃત્તિવડેજ જિજ્ઞાસુને સર્વાત્મભાવનો લાભ થાય છે

લેશ પણ ગ્લાનિ પામ્યા વિના ઉત્કૃષ્ટ ભક્તિથી જો સદ્ગુરુ, તત્ત્વજ્ઞો, જિજ્ઞાસુઓ, માતપિતા, અધ, પગુ, રોગી ને દરિદ્રીની થોડી સેવા કરી હોય તો તે પણ તે સેવા કરનાર મનુષ્યમાટે અપાર શુભ ફલ ઉપજાવે છે

મોક્ષેચ્છુ પુરુષ સસારની સર્વ ચિંતાઓથી મોકળો થઈ, ઇદ્રિયોને નિયમમા રાખી, શાતિજન્ય આનદના લાભમાટે પોતાના ચિત્તને એકાગ્ર કરવા સતત આદરપૂર્વક પ્રયત્ન કરે

જેમ વર્ષાઋતુની ઘાટા અધકારવાળી રાત્રિમા વીજળી ક્ષણવાર પોતાનો પ્રકાશ દેખાડે છે તેમ પરમાત્માની કૃપાથી આ સસારના ઘાટા અધકારમા કોઈ પુણ્યવાન્ મનુષ્યની ક્યારેક ક્ષણવાર પુણ્યકર્મના અનુષ્ઠાનમા બુદ્ધિ થાય છે આવી રીતે શુભેચ્છારૂપ પુણ્ય પ્રાયશ નિત્ય દુર્બલ છે, અને પાપનુ બલ તો મહાભયકર છે જો આપણે પરમાત્માના વિશુદ્ધસ્વરૂપનુ ભાવપૂર્વક વારવાર સ્મરણ ન કરીએ તો બીજા કયા શુભ ઉપાયવડે તે પાપનો આપણે ક્ષય કરી શકીએ ? માટે પાપથી બચવા પ્રત્યેક વિવેકી મનુષ્યે પરમાત્માના વિશુદ્ધસ્વરૂપમા શુદ્ધભાવપૂર્વક વારવાર પોતાના મનને જોડવુ જોઇએ

જેમ બલવાન્ પુરુષના આશ્રયવડે કોઇ મહાન્ અપરાધ કરનારો પણ તે અપરાધના ફલથી નિર્ભય થાય છે તેમ અજ્ઞાનકાલમા અતિભયકર પાપો કરીને પણ જે પરમાત્માના આશ્રયથી ક્ષણવારમા ભક્તજનોવડે તે પાપોનુ અતિક્રમણ કરાય છે. અર્થાત્ પ્રલયકાલના અગ્નિની પેઠે જે ક્ષણવારમાં અનન્યભાવથી શરણે આવેલા મનુષ્યનાં મહાન્ પાપોને બાળી નાખે છે એવા પરમોપકારક

પરમાત્માનો હે અજ્ઞાની જીવો ! તમે વિશુદ્ધભાવથી ચિત્તને એકાગ્ર રાખી શામાટે આશ્રય કરતા નથી ?

માતા, પિતા, સબધિજનો, રાજા, દેવો, ઋષિઓ ને બ્રહ્મા કોઇ જીવના હિતમા જેટલી પ્રીતિ રાખતા નથી, અને તે જીવ પોતે પણ પોતાના હિતમા જેટલી પ્રીતિ રાખતો નથી, તેટલી પ્રીતિ તે જીવના હિતમા પરમાત્મા રાખે છે, માટે તેવા પરમાત્મામા મુમુક્ષુએ પરમાદરપૂર્વક પોતાના ચિત્તને જોડવુ જોઇએ.

૯ પરમાત્માથી અભિન્ન સદ્ગુરુનું શરણુ

મરણવેલા ત્રાણરહિત દશે દિશાઓ જોઇને બહુ મૂઢતાને પામેલો તું તે વેલા તે મહાભયવાળા સ્થાનમા શુ કરી શકીશ ? કાઈ નહિ કરી શકે. માટે તુ હમણાજ જગતના સ્વામી, મહાબલવાન્, જગત્ની રક્ષામાટે ઉદ્યુક્ત, ને સર્વ ત્રાસને હરનારા પરમાત્માથી અભિન્ન સદ્ગુરુને શરણે જા

પૂર્વે અનુભવેલા પણ વર્તમાનકાલમા નાશ પામેલા સબધિજનોથી ને વર્તમાનકાલમા સ્થિત સબધિજનોથી તને શો લાભ છે ? કે જેઓમા આસક્તિ રાખીને તારા પૂજ્ય સદ્ગુરુના વચનોનુ તુ ઉલ્લઘન કરે છે ?

આ મર્ત્યલોકનો, બધુઓનો ને પરિચિતજનોનો મરણવેલા ત્યાગ કરીને તુ એકલો કોઇ અજાણે ઠેકાણે જઇશ તો પછી અહિંના સર્વ પ્રિયઅપ્રિય પ્રાણિપદાર્થથી તને શુ પ્રયોજન છે ? કાઇ પ્રયોજન નથી, તારે તો માત્ર તારુ પરમહિત કરનારા તારા પૂજ્ય સદ્ગુરુથીજ પ્રયોજન છે

“ અશુભથી નક્કી દુ ખ છે, ને હુ તેમાથી કેમ નીકળુ ? ” આ વિચાર તારે રાત્રિદિવસ કર્યા કરવો જોઇએ, અને તારા પૂજ્ય ગુરુના અનન્યશરણને સુદૃઢ કરી સર્વપ્રકારના અશુભમાથી નીકળવા તારે સદાગ્રહપૂર્વક ઘણામા ઘણો પ્રયત્ન કરવો જોઇએ.

પ્રભુથી અભિન્ન સદ્‌ગુરુ અનાથોના નાથ, દુઃખપૂર્ણ ભવમાર્ગના પ્રવાસી-ઓના સમર્થ ને દયાલુ સાર્થવાહ, ભવસાગરને પાર જવાની ઇચ્છાવાળાની સુદૃઢ નૌકા, મર્યાદાનું ઉલ્લંઘન કરવા ઇચ્છનારાના સેતુ, દીપાર્થીના દીપ, શય્યા-ર્થીની શય્યા, દાસાર્થીના દાસ, સર્વ પ્રાણીઓના ચિંતામણિ, ભદ્રવટ, સિદ્ધ-વિદ્યા, મહૌષધિ, કલ્પવૃક્ષ ને કામધેનુ છે હે જીવ ! એવા પ્રભુથી અભિન્ન સદ્‌ગુરુનુંજ તું અનન્યશરણ ગ્રહણ કર, ને પરમ સુખી થા.

૧૦. શરીરનું ક્ષણભંગુરપણું વિચારી સ્વધર્મપાલનમાં ઉદ્યોગી રહેવું.

ચિરકાલના મિથ્યાપ્રવૃત્તિવાળા મનુષ્યના જીવનના કરતા આજેજ બ્રહ્મ-ચિંતન કરતા કરતા ભક્તમનુષ્યના શરીરનું પડવું થાય તે શ્રેષ્ઠ છે, કેમકે ચિરકાલ અહિં સ્થિતિ કરીને પણ અંતે મૃત્યુનું દુઃખ તો તેનું તેજ છે

એક મનુષ્ય સ્વપ્નમાં સો વર્ષવાળી સુખની સ્થિતિને ભોગવીને જાગે છે, ને બીજો મનુષ્ય એક ઘડી સ્વપ્નનું સુખ ભોગવીને જાગે છે જાગેલા તે બંનેનું સુખ તે કાલે નિવૃત્ત થાય છે, તેજ ઉપમા મૃત્યુકાલે ચિરજીવીની ને અલ્પજીવીની છે

સંસારમાં આવી પડતા અનેક દુઃખોનો વિચાર ન હોવાથી મૂઢ માણસોની નિર્મલ સુખ આપનારા શુભકર્મોમાં પ્રવૃત્તિ થતી નથી, તેથી તેમની વ્યાવ-હારિક સુખોમાં પ્રીતિ રહે છે, વ્યાવહારિક સુખોમાં પ્રીતિ રહેવાથી તેમનામાં અવિવેક વધે છે, અવિવેક વધવાથી તેમના ચિત્તમાં બહારના પદાર્થોની અભિ-લાષા રહે છે, ને બહારના પદાર્થોની અભિલાષા રહેવાથી સ્વધર્મપાલનમાં તેમને આલસ્ય અવશ્ય ઉત્પન્ન થાય છે

હે ભાઈ ! જન્મેલાનું અવશ્ય મરણ થાય છે ને તું સર્વદા સ્મરણમાં

રાખ, ને કસાઇને ઘેર મારવાને માટે બાધેલા બકરાં જેમ ક્રમપૂર્વક મરાય છે તેમ તારો પણ મરવાનો વારો અવશ્ય આવશે એ વાતનુ તું વિસ્મરણ ન કર જો તુ આવી રીતે જાગ્રત્ રહીશ તો તને અતિનિદ્રા ને ભોગોમા આસક્તિ કેમ પ્રાપ્ત થશે ? મરણકાલે કાંઈ બની શકવા સંભવ નથી, માટે તારે જે કર્તવ્ય હોય તે તું હમણાજ કર.

હે સુકુમાર મનુષ્ય ! જો ઉષ્ણોદકના સ્પર્શથી તું તપે છે તો નરકમા જવાનુ કર્મ કરીને તુ આવી રીતે સ્વસ્થ કેમ રહે છે ?

હે ભાઇ ! મનુષ્યજન્મરૂપ ઉત્તમ નાવને પામીને તુ આ દુઃખરૂપ મહાનદીને તર. હે મહામૂઢ ! આ નિદ્રાનો સમય નથી. પુન: આ ઉત્તમ નાવની પ્રાપ્તિ દુર્લભ છે એ વાતને તું ભૂલીશ મા.

હે મૂર્ખ મનુષ્ય ! સુખની પરપરામા જોડનાર ને શ્રેષ્ઠ એવી ધર્મપ્રીતિને ત્યજીને તું દુઃખના કારણરૂપ ઉદ્ધતપણામા તથા ઉપહાસાદિમાં શામાટે પ્રીતિ કરે છે ?

મોટા દુઃખની નિવૃત્તિ કરવામાટે નાનુ દુઃખ સહન કરવા મનુષ્યે તત્પર રહેવુ જોઇએ. જુઓ, રોગી પણ પોતાના રોગની નિવૃત્તિમાટે ઔષધસેવન, પથ્યપાલન ને લાંઘણરૂપ અલ્પદુઃખ સહન કરે છે.

અવિવેકી મનુષ્યને જો ક્ષુરની ધારાપર રહેલા મધુની ઉપમા આપવાજેવા વિષયોવડે સંસારમાં તૃપ્તિ થતી નથી, તો પછી જેનો વિપાક કલ્યાણરૂપ મધુર છે એવા પુણ્યામૃતથી વિવેકી મનુષ્યને કેવી રીતે તૃપ્તિ થાય ? નજ થાય

વિવેકી મનુષ્યે સાવધાનતા ને ધૈર્યથી ક્લેશોના પ્રહારોને નિવારણ કરવા, અને નિર્ભયપણે ક્લેશોના ઉપર સુદૃઢ પ્રહાર કરવો. શસ્ત્રવિદ્યામા કુશલ પુરુષ જેમ ખડ્ગવડે શત્રુસાથે યુદ્ધ કરતી વેલા પોતાનું રક્ષણ ને શત્રુનો નાશ કરે છે તેમ ક્લેશોસાથે યુદ્ધ કરવામા સાધકે વર્તવાનુ છે.

શત્રુની સાથેના ખડ્ગયુદ્ધમા જેમ હાથમાથી કોઈ કારણથી ચલાયમાન થયેલા ખડ્ગને શત્રુના ભયનો વિચાર કરીને મનુષ્ય શીઘ્ર ગ્રહણ કરે છે તેમ પારમાર્થિક કર્તવ્યની સ્મૃતિરૂપ ખડ્ગ ચલાયમાન થાય તો નરકોનુ સ્મરણ કરીને પુન તે સ્મૃતિ મોક્ષસાધકે શીઘ્ર ગ્રહણ કરવી જોઇએ

૧૧. અનન્યભક્તની મનોવૃત્તિના પરમાત્મપ્રતિ ઉદ્ગારો.

આ રમણીય પ્રાત કાલે હુ આપના દર્શનની બહુ લાલસા રાખતી હતી, પણ મારી તે લાલસા લેશ પણ સફલ થઇ શકી નહિ ભૂતભવિષ્યનુ ચિંતન નહિ કરનારા સુખી પક્ષીઓ પોતપોતાના માળામા બેઠા બેઠા સૂર્યોદયનો સમય સમીપ જાણી, પ્રસન્ન થઈ, નિદ્રા ત્યજી, કલરવ કરવા લાગ્યા, પણ આપના દર્શનના અભાવે મારા મુખમાથી હર્ષધ્વનિ નીકળી શક્યો નહિ તળાવમાના કમળો સૂર્યોદય થયેલો જાણી સૂર્યના દર્શનવડે વિકાસ પામવા લાગ્યા, પણ આપના દર્શનના અભાવે મારુ અત કરણ ને મારુ મુખ વિકાસ પામી શક્યા નહિ, સૂર્યના પ્રકાશવડે આ પૃથિવીપર ફેલાયેલો ભય ઉપજાવનારો અંધકાર દૂર થયો, પણ આપના દર્શનના અભાવે મારા અત કરણમા ભરાઈ બેઠેલો ભય ઉપજાવનારો અજ્ઞાનરૂપ અધકાર દૂર થયો નહિ, અને રમણીય સૂર્યપ્રકાશે વૃક્ષો, દિવાચર પ્રાણીઓ, ને પર્વતાદિને હસતા કર્યા, પણ આપે મને આપના રમણીય સ્વરૂપનુ દર્શન કરાવી હસતી કરી નહિ.

આ ઊનાળાના મધ્યાહ્નકાલનો સૂર્ય જેમ પૃથિવીને તપાવે છે તેમ આપનો વિયોગ મને તપાવે છે, આ ગ્રીષ્મઋતુના મધ્યાહ્નકાલનો સૂર્ય જેમ સમુદ્રાદિના જલનુ શોષણ કરે છે તેમ આપનો વિયોગ મારા હૃદયકુસુમના રસનુ શોષણ કરે છે, અને જેમ આ ઊનાળાના મધ્યાહ્નનો પ્રચડ સૂર્ય મનુષ્યાદિના શરીરબલને શિથિલ કરે છે તેમ આપનો દારુણ વિયોગ મારા બુદ્ધિબલને શિથિલ કરે છે.

સૂર્ય અસ્તાચલપર પડવાની તૈયારી કરવા લાગ્યો, સાયકાલ થયો, રાત્રિનુ આગમન સમીપ જાણી પક્ષીઓ પોતપોતાના માળાભણી ઊડવા લાગ્યા, અરણ્યના દિવાચર પશુઓ પણ નિશાનુ આગમન નિકટ જાણી પોતપોતાના નિવાસસ્થાનભણી જવામાટે દોડવા લાગ્યા, ખેતરોમા કામ કરનારા માણસો વિશ્રામાદિમાટે પોતપોતાના ઘરભણી આવવા લાગ્યા, પ્રવાસીઓ રાત્રિનિવાસમાટે સમીપના ગામ કે નગરમા પહોચી જવા ઉતાવળે ચાલવા લાગ્યા, અને પ્રકાશ ને ઉષ્ણતાનુ સામર્થ્ય ઘટવા લાગ્યા આમ પૃથિવીપર નાનાપ્રકારની વિચિત્રતાઓ સાયકાલે જોવામા આવી, પણ જેમના દર્શનની હુ બહુજ આતુરતા રાખુ છુ તેમનુ પુણ્યતમ દર્શન મને હતભાગીને આવી વેલાએ પણ થયુ નહિ

દ્રવ્યલાભના સભવના અનુમાનવડે જેમ લોભી મનુષ્યના હૃદયમા દ્રવ્યતૃષ્ણાનો પ્રવેશ થવા લાગે તેમ પ્રતીત થતી પૃથિવીપર અધકાર પ્રવેશ કરવા લાગ્યો, આકાશમાં તારાઓ અને ગ્રહો પ્રકાશવા લાગ્યા, પક્ષીઓ પોતપોતાના માળામા નિદ્રાજન્ય વિશ્રાતિ લેવા લાગ્યા, મનુષ્યો આહારાદિ ગ્રહણ કરી નિદ્રાજન્ય સુખનો લાભ લેવા તૈયારી કરવા લાગ્યા, અર્ધી પૃથિવીપર શીતલતાનુ ને શાતિનુ સામ્રાજ્ય ફેલાવા લાગ્યુ, રાત્રિમા ફરનારા પશુઓ ને રાત્રિમા ઊડનારા પક્ષીઓ પોતપોતાનો આહાર મેળવવામાટે પોતપોતાના નિવાસસ્થાનો ત્યજી ભ્રમણ કરવા ને ઊડવા લાગ્યા, કમલો ને કેટલાક વૃક્ષોના પાનડા સકોચ પામી ગયા, ચોરો ચોરી કરવામાટે વિચાર કરવા લાગ્યા, કોઇ કોઇ સ્થલે તમરાના ને કસારીના શાતિવિઘાતક તીણા શબ્દો સંભળાવા લાગ્યા, કોઇ નદીની કે ડુગરોની ભેખડોમા, કોઇ ઝાડોપર, ને કોઇ ઊજડ ઘરોપર ઘૂડના ભયકર ને મલિન શબ્દો સભળાવા લાગ્યા, મધ્યરાત્રિ થવાથી માણસો પોતપોતાના વ્યવહારો ને વિલાસો ત્યજી અર્ધમૃત્યુજેવી નિદ્રાને પ્રાપ્ત થવા લાગ્યા, અને કેટલાક માણસો આવી વેલાએ પોતપોતાની વાસનાવડે રચેલા જગત્‌મા પોતાના અત કરણવડે વિચરવા લાગ્યા આવી ભયભરેલી ને ગભીર જણાતી અધકારમય રાત્રિમાં આપના દર્શનની મને ઘણી લાલસા છતા પણ મને

આપનુ દર્શન થયુ નહિ. હીનભાગીને બહુ અગત્યની હોય એવી વસ્તુ પણ ક્યાથી મળી શકે ?

આ આશ્વિનમાસની પૂનમની રાત્રિની આહ્લાદક રૂપેરી ચાદની પૃથિવીપર પ્રસરી રહી છે. રસિક ને સુખી મનુષ્યોના મનને તે આનદ આપી રહી છે જો આ વેલાએ મને આપનો સાક્ષાત્કાર થયો હોત તો મારા અત કરણને કેટલી શાતિ, કેટલુ સુખ, ને કેટલી તૃપ્તિ થાત ?

કેવો રમણીય દિવસ ! જ્યા જ્યા મારી દૃષ્ટિ પડે છે ત્યા ત્યા મને પ્રકાશજ પ્રકાશ પ્રતીત થાય છે એ પ્રકાશ કોઇ સમીપના પદાર્થમા સશય-વિપર્યય તથા ભયને ઉત્પન્ન થવા દેતો નથી, પણ તે નિશ્ચયને તથા નિર્ભયતાનેજ પોષે છે. જો આપનો સાક્ષાત્કાર મને આવા પ્રકાશમય સમયમાં થયો હોત તો મારુ હૃદય પ્રકાશથી અને આનદથી ભરપૂર થઈ જાત

આ કાર્તિકમાસ પ્રારભાયો. આજે કાર્તિકમાસની પ્રતિપદા છે આજે વિક્રમનુ નવુ વર્ષ બેઠુ. લોકોનો મોટો ભાગ આજે પ્રસન્નમુખવાળો જણાય છે. પરમાનદરૂપ આપના સાક્ષાત્કારવિના મને પ્રસન્નતાનો અનુભવ કેવી રીતે થઇ શકે ? આજે દેવદીવાળી થઇ. લોકોના મુખપર આનદ ઝળકી રહેલો જોવામાં આવે છે, પણ આપના દર્શનવિના મને આનદનુ ભાન થતું નથી મનુષ્યોને દુ:ખાનુભવ કરાવનારો શરદનો તાપ શમ્યો, ને સુખનો અનુભવ કરાવનારી હેમતની પરિમિત શીતલતા તેમને સુખનો અનુભવ કરાવવા લાગી, પરતુ આપના આવિર્ભાવવિના મારો તાપ દૂર થયો નહિ, ને મને શીતલતાનો અનુભવ પણ નજ થયો. સંન્યાસીઓ, યોગીઓ ને સાધુઓના ચોમાસાના વ્રતની સમાપ્તિ થઇ, પણ મારા દુ:ખાનુભવની સમાપ્તિ તો નજ થઇ.

આ માગશરમાસે નવા અનાજના ઉપભોગવડે અને મચ્છર આદિ જતુઓની નિવૃત્તિવડે મનુષ્યોને આનંદનો અનુભવ કરાવવા માંડયો, પરતુ પરમપવિત્રસ્વરૂપ આપના દર્શનવિના મને આનંદનો અનુભવ થઇ શકતો નથી. આ માસમા વાતાવરણ શીતલ થયુ, પણ મને શીતલતાની પ્રાપ્તિ ન થઇ.

પોષમાસ આવ્યો. વાતાવરણમા શીતલતાએ પોતાનું પ્રાબલ્ય જણાવવા માડ્યુ, પણ આપના દર્શનના અભાવે મારામા શાંતિનું પ્રાબલ્ય જણાયુ નહિ ભગવાન્ ભાસ્કરે હવે દક્ષિણભણીથી ઉત્તરભણી પ્રયાણ કરવા માડ્યુ, પણ મારા પ્રારબ્ધે દુઃખભણીથી સુખભણી પ્રયાણ કરવા માંડ્યુ નહિ, દેવોની રાત્રિ સમાપ્ત થઇ, ને હવે દેવોના દિવસનો પ્રારંભ થયો, પણ મારા અધકારની નિવૃત્તિ ન થઇ, ને મને પ્રકાશનુ ભાન પણ ન થયુ, શેરડી, બોળા ને ઘઉના પોકના ઉપયોગ કરી કેટલાક મનુષ્યો સુખાનુભવ કરવા લાગ્યા, પણ સુખરૂપ આપના સાક્ષાત્કારવિના મને સુખાનુભવ ક્યાથી થાય ?

માઘમાસ આવતા વસતપચમી ને મહાશિવરાત્રિ આવ્યા વસતપચમીએ પોતાના આગમનથી પ્રથમરસવડે અને શિવરાત્રિએ પોતાના આગમનથી અતિમરસવડે પોતપોતાના અધિકારી મનુષ્યોને આનદ આપ્યો, પણ આપે કૃપા કરી મને દુર્ભાગીને આપના પરમરમણીય સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવી આનદ આપ્યો નહિ. સુભાગીને સર્વત્ર સર્વદા સુખ સુલભ છે, પણ દુર્ભાગીને સર્વત્ર સર્વદા સુખ સુલભ હોતુ નથી, પરતુ તેને જ્યાં ત્યા દુ ખજ સુલભ હોય છે દૈવ દુર્બલનો ઘાત કરનારુ મનાય છે તે માનવુ મારા સબંધમા તો હુ સાચુ પડલુ અનુભવુ છુ

માઘમાસ પૂરો થતા આ ફાગણમાસ આવ્યો પૂનમે બહાર લૌકિક હોળી બળતી પ્રતીત થાય છે, અને આપના દુ સહ વિયોગથી હુ મારામા અલૌકિક હોળી બળતી અનુભવુ છુ વદિ પ્રતિપદાએ કેટલાક લોકો પ્રસન્નતાપૂર્વક ધૂળ ઊડાડતા પ્રતીત થાય છે, અને કેટલાક લોકો પ્રસન્નતાપૂર્વક અબીલગુલાલ નાખતા પ્રતીત થાય છે, મારે તો આપના વિયોગરૂપ ધૂળ ઊડાડીને, અને આપના સયોગરૂપ અબીલગુલાલ નાખીને પ્રસન્ન થવાનો સમય પ્રાપ્ત થયો નહિ ખાખરાઓ અને આંબાઓ પુષ્પમય થયા, પણ આપના સમાગમને અભાવે મારે ફૂલવાનો સમય નજ આવ્યો

સૂર્યના પ્રખરતાપવડે પૃથિવીપરના વાતાવરણને ગરમ કરતો ને પૃથિવીને તપાવતો ચૈત્રમાસ આવ્યો આ માસમા આપના વિયોગવડે મારે પણ તપ્યા કરવાનુજ રહ્યુ વૃક્ષો નવીન પાનડાઓના આવિર્ભાવવડે શોભવા લાગ્યા, પણ મારામા આપનો આવિર્ભાવ ન થવાથી મારે શોભવાનો સમય ન આવ્યો રામનવમીને દિવસે રામભક્તો રામજયતીનો ઉત્સવ કરી પ્રસન્ન થવા લાગ્યા, પણ નવના અકજેવા સર્વદા અવિકારી રહેનારા આપના અપરોક્ષાનુભવવિના મને પ્રસન્નતાનો અનુભવ શી રીતે થાય ? કોકિલાના સુદર શબ્દો મનુષ્યોના કાનને આનદ આપવા લાગ્યા, પણ આપના દર્શનવિના અને આપના મનોજ્ઞ શબ્દોના શ્રવણવિના મને આનદાનુભવ ન થયો

ઉષ્ણવાયુને પૃથિવીપર ફેંકતો ફેંકતો આ વૈશાખમાસ આવ્યો હુ પણ આપના અસહ્ય વિયોગમા ઊના ઉચ્છ્વાસો છોડુ છુ અક્ષયતૃતીયાનુ પર્વ અન્ય લોકોને આનદમય લાગે છે, પણ મને તો આપના આહ્લાદક સામીપ્યવિના તે નીરસ પ્રતીત થાય છે ખરેખર મારા પ્રિયતમના સામીપ્યવિના મને તો આ સર્વ વિશ્વ અધકારમય ને દુખમય પ્રતીત થાય છે. હે પ્રિયતમ ! હુ તમને ક્યા શોધુ ? તમે પૃથિવીપર, વાયુમા, આકાશમા, ગ્રહોમા કે તારાઓમા પ્રતીત થતા નથી તમે કૂપમા, વાવમા, કુડમા, તળાવમા, નદીમા કે સાગરમા પણ પ્રતીત થતા નથી. તમે તૃણમા, છોડમા, વેલામા કે વૃક્ષોમા પણ પ્રતીત થતા નથી. તમે વનમા, રણમા કે ડુગરોમા પણ પ્રતીત થતા નથી તમે પશુમા, પક્ષીમાં, ગામમા કે નગરમા પણ પ્રતીત થતા નથી તમે શેરીઓમા, બજારોમા, ઘરોમા, હવેલીઓમા ને મહેલોમા પણ પ્રતીત થતા નથી તમે ધર્મશાલાઓમા, ઉપાશ્રયોમા, મઠોમા, મસ્જીદોમા ને ભિન્ન ભિન્ન પ્રકારના મદિરોમાં પણ પ્રતીત થતા નથી. તમે ક્યા છો ? ને હુ તમને ક્યા શોધુ ? તે તમેજ કૃપા કરીને મને બતાવો.

પૃથિવીને, વાયુને અને જલાશયોમાના જલોને ઉષ્ણ કરી નાખનારો

આ જ્યેષ્ઠમાસ આવી પહોચ્યો. વિરહતાપથી નિરતર તપી રહેલી મને તે વધારે તપાવે છે. આ ભીમ અગ્યારશ મને ભયકર પ્રતીત થાય છે લોકો સૂર્યના તાપથી ને પ્રસ્વેદથી ખેદાનુભવ કરે છે, ને હુ પણ આપના વિરહના તાપથી ને અસામર્થ્યથી ખેદાનુભવ કરુ છુ હે વહાલા પ્રભો ! હવે મને બહુ તપાવો મા, તપાવવાની પણ કાઇક મર્યાદા જોઇએ મારા જેવી કોમલ ને નિરાધાર અબલા કેટલોક તાપ સહન કરી શકશે ?

સૂર્યના તાપથી તપી રહેલી પૃથિવીના ઉપર દયા દર્શાવી જલની વૃષ્ટિવડે પૃથિવીના તાપને શમાવતો આ દયાદષ્ટિવાળો આષાઢમાસ આવ્યો, છતા આપે મારી વિરહપીડાનો કાઇ પણ વિચાર ન કર્યો, ને કૃપાની વૃષ્ટિ કરવારૂપ દર્શન આપી મારા તાપનુ શમન ન કર્યું. આકાશ વાદળાંઓથી ઘેરાયેલુ પ્રતીત થાય છે, ને હુ મુઝવણુથી ઘેરાયેલી પ્રતીત થાઉ છુ આકાશમા વીજળીઓના ઝબકારા ને ગર્જના થાય છે, ને હુ આપના દર્શનના વિચારમા ઝબકી ઊઠુ છુ, તથા ક્યારેક ગાજી ઊઠુ છુ નાનીમોટી નદીઓ વૃષ્ટિના જલની પ્રાપ્તિવડે ઊછાળા મારતી સમુદ્રભણી દોડી જાય છે, ને હુ પણ દુ:ખના નાશની લાલસાથી ઊતાવળે આપના ભણી આવવા ઊછાળા મારી રહી છુ જલાશયોના જલો ડોળાયેલા પ્રતીત થાય છે તેમ હુ પણ આપના વિયોગથી ડોળાયેલી સ્થિતિવાળી પ્રતીત થાઉ છુ. વૃષ્ટિનુ જલ પૃથિવીને મળવાથી પૃથિવી લીલા તૃણાદિથી શોભી રહી છે, પણ મને આપના દર્શનરૂપ જલ ન મળ્યુ, તેથી હુ આનંદયુક્ત થઇ શોભી રહી નથી. દિવસે થતી મોરની કેકા ને તેની કળા મનુષ્યોને ગભીર આનદ આપવા લાગી, પણ આપે મને પોતાનુ દર્શન કરાવી એવો આનદ આપ્યો નહિ. જેમ આ માસમા રાત્રે થતા દેડકાના કર્કશ શબ્દો, તમરાના ને કસારીના તીક્ષ્ણ શબ્દો, અને આકાશમા ઊડતા આગીઆઓના દેખાવો નબળા મનના મનુષ્યોને બીવરાવે છે તેમ મને પણ આપનો ભયભરેલો વિયોગ બીવરાવ્યા કરે છે આ દેવશયની એકાદશીએ શ્રીવિષ્ણુએ શયન

કર્યું, પણ આપના **વિરહથી** ઉત્પન્ન થતા દુ:ખે શયન કર્યું નહિ આ ગુરુ-પૂર્ણિમાએ શિષ્યોને પોતપોતાના ગુરુનુ પૂજન કરવાનો શુભ લાભ મળ્યો, પણ મને આપનુ પૂજન કરવાનો શુભ લાભ નજ મળ્યો આ બધા પર્વોના માસારૂપ ગણાતો **દીવાસો** આવ્યો, પણ મારામા આપના દર્શનવિના સુખરૂપ દીપનો પ્રકાશ ન થયો.

શિવભક્તોને પ્રિય લાગતો **શ્રાવણમાસ** પણ ક્રમપૂર્વક આવી પહોચ્યો **બળેવને** દિવસે દ્વિજોએ જૂના જનોઇનો પરિત્યાગ કરી નવુ જનોઇ ધારણ કર્યું, પણ મેં વિરહદુ:ખનો પરિત્યાગ કરી આપના દર્શનની પ્રાપ્તિ કરી નહિ મનુષ્યો રક્ષાબધનવડે પ્રસન્નતા અનુભવવા લાગ્યા, પણ મને આપના સાક્ષાત્કાર-વિના પ્રસન્નતાનો અનુભવ શી રીતે થાય ? આ કૃષ્ણજન્માષ્ટમીએ વૈષ્ણવો **શ્રીકૃષ્ણનો** જન્મોત્સવ કરી આનદાનુભવ કરવા લાગ્યા, પણ મારામા આનદરૂપ આપનુ પ્રાકટ્ય થયા વિના મારે કેવી રીતે આનદાનુભવ કરવો ?

આ **ભાદરવામા** નદીઓના ને સરોવરોના જલો પ્રસન્ન (નિર્મલ) થયા, પણ આપના દર્શનવિના મને પ્રસન્ન થવાનો અવસર આવ્યો નહિ ચોમાસાના નવીન શાકો ખાવાથી, શરદનો તીખો તાપ અનુભવવાથી, મલિન જલમાથી ને તૃણાદિમાથી નીકળતા વિષમય વાયુનુ નાસિકાદ્વારા ગ્રહણ કરવાથી, તથા વિષવાળા મચ્છરોના દશવી કેટલાક મનુષ્યો તાવથી પીડાવા લાગ્યા, હુ પણ આપના વિયોગજન્ય મારા દુ:ખનો અંત નહિ આવવાથી તે દુ:ખવડે પીડાયા કરુ છુ.

નવરાત્ર, દશરા, શરદપૂનમ, ધનતેરસ, કાલીચૌદશ ને **દીવાળી** જેવા લોકોને આનદ આપનારા દિવસોવાળો **આસોમાસ** આવ્યો, ને લોકોને આનદનુ ભાન કરાવવા લાગ્યો, પરતુ આપના વિયોગથી સતત દુ:ખી રહેનારી મને આપના સાક્ષાત્કારવિના આનદનુ ભાન કોણ કરાવે ? નવરાત્રની રાત્રિઓ,

શરદપૂનમની રાત્રિ, ને દીવાળીની રાત્રિ રસિક બાલાઓને આનદ આપે છે, પણ મને તો તે રાત્રિઓ આપના વિયોગે બહુ ઉદ્વેગ ઉત્પન્ન કરે છે.

આપ સમીપ રહીને મારા સર્વ કથનો સાભળો છો, ને મારી સર્વ સ્થિતિ ને વિચાર જાણો છો, છતા આપ પ્રકટ થઇને શામાટે મારા દુ ખની શીઘ્ર નિવૃત્તિ કરતા નથી ? પલપછી પલ, ઘડીપછી ઘડી, મુહૂર્તપછી મુહૂર્ત, પહોરપછી પહોર, દિવસપછી દિવસ, અઠવાડીઆપછી અઠવાડીઆ, પક્ષપછી પક્ષ, માસપછી માસ, અને વર્ષપછી વર્ષ ચાલ્યા જાય છે, છતાં હે કરુણા-સાગર ! આપે આ દીન કિંકરીપર કરુણાની દૃષ્ટિ કરી નહિ, ને તેના તીવ્ર દુ ખોનો વિનાશ કર્યો નહિ

હે મારા જીવનરૂપ ! હે નાથ ! આપ જે કરતા હશો તે સર્વદા સર્વથા યોગ્ય ને મારા પરમહિતને માટેજ કરતા હશો એમા શકા રાખવાનું કાંઇ પણ કારણ નથી જો હુ તેમા કાંઇ પણ શકા રાખું તો હુ મહાપાપિની ગણાઉં આપશ્રીના વિરહનુ દુ ખ સહન ન થવાથી હુ આપશ્રીનો સાક્ષાત્કાર શીઘ્ર થાય એમ ઇચ્છુ છુ, પણ આવી અયોગ્ય આતુરતા જો કોઈ પણ પ્રકારે મારી અશ્રદ્ધાને પ્રકટ કરતી હોય તો તે મારી અયોગ્ય આતુરતા મારે પ્રસન્નતાપૂર્વક શીઘ્ર તજી દેવી જોઇએ

હે મારા પ્રાણાધાર ! મારામાં રહેલા પાપસસ્કારો, ચચલતા ને મોહ દૂર થતા આપ મારી પ્રાર્થનાની લેશ પણ વાટ નહિ જોતા મને અચાનક આવી મળશો એવી મને સપૂર્ણ ખાત્રી છે તો હવે મારે નિરર્થક વ્યાકુલ શામાટે થવુ જોઇએ ? હવે તો મારે ઉત્તરોત્તર વધારે પવિત્ર થવામાટે, વધારે શાત થવામાટે, ને વધારે મોહરહિત થવામાટેજ અધિક અધિક પ્રયત્ન પરમાદરપૂર્વક સતત કરવો જોઇએ

હે પરમોદાર ! આપશ્રીની જે અમોઘ ને મહાબલવતી કૃપા રક મનુષ્યને મહાધનવાન્ કરે છે, મૂર્ખને પડિત કરે છે, બોલવાની આવડવિનાના મનુષ્યને

બોલવામા નિપુણ કરે છે, મહારોગીને નીરોગી કરે છે, કુરૂપને સુરૂપ કરે છે, વિષયીને વિરાગી કરે છે, નાસ્તિકને આસ્તિક કરે છે, અને સર્વ પ્રકારે દુ:ખી રહેનારાને સર્વ પ્રકારે સુખી રહેનારો કરે છે, તે આપની અમોઘ ને અગાધસામર્થ્યવાળી કૃપા શું મને દુ:ખિનીને સુખિની નહિ કરે ? અવશ્ય સમય આવે તે મને પરમસુખિની કરશેજ.

હે અનંતશક્તિવાળા ! આપ જલને ઠેકાણે સ્થલ કરવાના ને સ્થલને ઠેકાણે જલ કરવાના સામર્થ્યવાળા છો, આપ મોટા પર્વતની જગાએ મોટો ખાડો કરવાના ને મોટા ખાડાની જગાએ મોટો પર્વત કરવાના સામર્થ્યવાળા છો, આપ મહારાજાને મહારંક કરવાના ને મહારંકને મહારાજા કરવાના સામર્થ્યવાળા છો, આપ પરમસ્વતંત્રને કેવલ પરાધીન કરવાના ને કેવલ પરાધીનને પરમસ્વતંત્ર કરવાના સામર્થ્યવાળા છો, આપ અધમને ઉત્તમ ને ઉત્તમ ગણાતાને અધમ કરવાના સામર્થ્યવાળા છો, આપ રાત્રિનો દિવસ કરવાના ને દિવસની રાત્રિ કરવાના સામર્થ્યવાળા છો, અને આપ જ્યા કાંઇ પ્રતીત ન થતુ હોય ત્યા સર્વ પ્રતીત કરાવવાના ને જ્યા અનેક પ્રાણિપદાર્થો પ્રતીત થતા હોય ત્યા તેમનો અભાવ પ્રતીત કરાવવાના સામર્થ્યવાળા છો આવા અનંતશક્તિવાળા આપ પરમદુ:ખમાં દિવસો વ્યતીત કરતી એવી જે હુ તેને ધારો તે વેલાએ પરમ-સુખિની કરવાના સામર્થ્યવાળા છો એમા મને કાંઈ પણ શંકા નથી.

હે હૃદયેશ ! હવે આપશ્રીના સ્વરૂપવિના મને બીજા કોઈ પણ જડ પદાર્થમા કે ચેતન પ્રાણીમા રમણીયપણાનુ ભાન થતું હોય તો તે દૂર થાઓ. અને કોઇ પણ સ્થાવરજંગમ પ્રાણિપદાર્થમા મને રાગ રહેતો હોય તો તે પણ દૂર થાઓ હવે " **न मे कश्चित् नाहं कस्यचित्** " (કોઇ મારુ નથી ને હુ કોઇની નથી) આવી અન્ય સર્વના પરિત્યાગની આરૂઢ નિષ્ઠા મારામા ઉત્તરોત્તર સુદૃઢ થઇ મને આપમાજ રમણીયપણાનુ સર્વદા ભાન રહો, આપના સ્વરૂપમાજ મને સર્વદા શુદ્ધભાવવાળી પરમપ્રીતિ રહો, અને આપના

સ્વરૂપમાજ " તુમ હમારે હો ન હો પેં મેં તુમારી હો ચૂકી " આવી સ્વાર્થયુક્ત સર્વ અવલબનોના પરિત્યાગવાળી અડગ અનન્યતા સર્વદા મારામા વાસ કરીને રહો.

હે નિરાધારના સમર્થ સત્યાધાર ! હુ આપને ત્યજીને હવે ક્યા જાઉ ? હુ કયાઇ પણ સત્યસુખ જોતી નથી. હુ જ્યા જ્યા દૃષ્ટિ કરુ છુ ત્યા ત્યાં મને પરમાર્થવિચારે અસત્પણુંજ પ્રતીત થાય છે, અને વ્યવહારપક્ષે તે સર્વમા તૃણુના જેવુ તુચ્છપણું ને દુ ખવડે બંધન કરનારાપણું પ્રતીત થાય છે હુ કલ્પિત પ્રાણિપદાર્થોનો અનુભવ કરી કરીને હવે બહુ થાકી ગઇ છુ હવે સર્વ પાપોને અને ભેદભાવને બાકી ન રહે એમ બાળીને, સર્વ વિષય-તૃષ્ણાઓને છેલ્લી રજા દઇને, અને આપશ્રીનેજ મારા અધિષ્ઠાનરૂપ સમજીને, આપમાજ અભેદભાવે સર્વદા વિરામ પામવા ઇચ્છુ છુ

હે નિર્વિકલ્પ ! હવે હુ વાસનાનુસાર થતી બાહ્યદૃષ્ટિવડે પ્રતીત થતા દૃશ્યને તથા હુ, તુ, તે અને આ એવા સર્વ વિકલ્પોને સત્ય માનવાના સ્વભાવનો પરિત્યાગ કરી એક આપશ્રીનેજ ત્રિકાલાબાધ્ય સત્ય માનુ છુ હુ હવે અસત્માથી નીકળી સદ્રૂપ આપશ્રીમા આવુ છુ, હુ અધકારમાથી નીકળી હવે પ્રકાશરૂપ આપશ્રીમા આવુ છુ, અને સર્વ દુ ખોનો પરિત્યાગ કરી હવે હુ પરમસુખરૂપ આપશ્રીમાં આવુ છુ

હે પ્રભો ! જે વાસ્તવિક નથી તે મને મિથ્યાજ પ્રતીત થાઓ, જે દુ ખરૂપ છે તે મને દુ ખરૂપજ જણાઓ, ને જે સુખરૂપ છે તે મને સુખ-રૂપજ પ્રતીત થાઓ.

જેમ અગ્નિના તાપથી ધાતુના મેલ બળી જઇ તે સ્વચ્છ થાય છે તેમ વિરહના તાપથી તપીને શુદ્ધ થયેલી હું હવે આપને વેલાસર મળી કૃતાર્થ થઇશ એમ મને જણાય છે.

—·o·—

૧૨. બ્રહ્મવિચાર.

હે મન ! અહિં બ્રહ્મજ સર્વોત્તમ છે, માટે તુ તેનોજ આદરપૂર્વક સર્વદા વિચાર કર, ક્ષણભંગુર ને અપકારક વિષયોના નકામા વિચારો તુ વારવાર ન કર્યા કર

હે મન ! બ્રહ્મવિચારરૂપ વા બ્રહ્મધ્યાનરૂપ પરમામૃતનો પરિત્યાગ કરીને તું ભૂલથી કદીપણ હલાહલવિષરૂપ શબ્દાદિ વિષયોનુ ધ્યાન નજ કરજે વિષયધ્યાનની પછવાડે દુખની પરપરા ચાલી આવે છે તે તુ કદીપણ ભૂલીશ નહિ

હે મન ! બ્રહ્મના ધ્યાનથી તને પરમશાતિ, પરમાનદ ને પરમતૃપ્તિની પ્રાપ્તિ થશે, અને શબ્દાદિ વિષયોનુ ધ્યાન કરવાથી તને અવશ્ય પરમવ્યાકુલતા, પરમદુખ ને પરમ અતૃપ્તિની પ્રાપ્તિ થશે હવે તે બેમાથી તારે કોનુ ધ્યાન કરવુ યોગ્ય છે તે તુ ધીરજથી વિચારી જોજે, ને પછી તને જે યોગ્ય લાગે તેનુ તુ સતત ધ્યાન કરજે

બ્રહ્મવિચારથી બ્રહ્મવિચાર કરનાર મનુષ્યને બ્રહ્મનુ જ્ઞાન થાય છે. બ્રહ્મનુ જ્ઞાન મનુષ્યના ત્રિવિધતાપોનો આત્યતિક બાધ કરે છે, તેને પરમાનદની પ્રાપ્તિ કરાવે છે, જીવનો જીવભાવ શમાવે છે, અને તેને કર્તવ્યના અવધિએ પહોચાડે છે

મુમુક્ષુએ જે ભણવાવડે બ્રહ્મસ્વરૂપ જાણવામા આવવાનો સપૂર્ણ સભવ હોય તેજ ભણવુ, તેણે જે વાચવાવડે બ્રહ્મસ્વરૂપનુ ભાન થવાનો સપૂર્ણ સભવ હોય તેજ વાચવુ, તેણે જે વસ્તુના વિચારવડે બ્રહ્માનુભવ થવાનો સપૂર્ણ સભવ હોય તેજ વસ્તુનો વિચાર કરવો, અને તેણે જે આચરણવડે બ્રહ્મસાક્ષાત્કાર થવાનો સપૂર્ણ સભવ હોય તેજ આચરણ સેવવુ.

બ્રહ્માડની અતર ને બહાર સર્વત્ર બ્રહ્મજ વિલસી રહ્યુ છે આ વિચારને મુમુક્ષુએ સુદૃઢ કર્યા કરવો, તેણે અન્ય કોઈ પણ મનુષ્યની કદીપણ નિંદા ન કરવી, અને અન્યની આગળ તેણે કદીપણ પોતાની પ્રશસા ન કરવી, કિંતુ તેણે સર્વત્ર પોતાના મનનો સમભાવ રાખવો.

અન્યને બ્રહ્મવિચાર કરવાનુ કહેવાને બદલે વિવેકી મનુષ્યે પોતાના અંત કરણનેજ બ્રહ્મવિચાર કરવાનુ કહેવુ યોગ્ય છે. જે મનુષ્યના કુટુબિજનો ભૂખે મરતા હોય તે મનુષ્ય સદાવ્રત બાધવાનો પ્રયત્ન કરવામા કાલક્ષેપ કરે તે શી રીતે યોગ્ય ગણાય ?

ઘણુ શાસ્ત્રાધ્યયન કરવાથી જો બ્રહ્મવિચાર કરવાનો અધિકાર પ્રાપ્ત ન થયો, પણ માત્ર મિથ્યાભિમાનજ પ્રાપ્ત થયુ, તો ઘણુ ઔષધ ખાધા છતાં પણ થયેલો રોગ ન ગયાના જેવું ને નવો રોગ પ્રાપ્ત થયાના જેવુ થયુ

આ સસારરૂપ ભયકર કારાગારમા મનુષ્યને ધનાદિની તૃષ્ણા બેડીરૂપ છે, ને સગાવહાલાઓ તેની દેખરેખ રાખનાર પહેરેગીરરૂપ છે, તે બને તે મનુષ્યને આ સંસારરૂપ કારાગારમાથી નીકળવાના ઉપાયરૂપ બ્રહ્મવિચારમા પ્રવૃત્તિ કરવા દેતા નથી

હે મૂર્ખમન ! તને તુચ્છ, મલિન, પરાધીન, બધક ને દુ ખમય વિષયોનુ સ્મરણ કરવુ કેમ સારુ લાગે છે ? ને રમણીય, પરમપવિત્ર, સ્વાધીન, બધમાથી છોડાવનાર, ને પરમાનદરૂપ બ્રહ્મનુ સ્મરણ કરવુ કેમ સારું લાગતુ નથી ? તને પશુભાવ કેમ સારો લાગે છે ? ને બ્રહ્મભાવ કેમ સારો લાગતો નથી ? જાગ, વધારે જાગ, અસગ, દુઃખશૂન્ય, પરમપવિત્ર ને પરમાનદરૂપ બ્રહ્મના વિચારમાં સર્વદા પ્રવૃત્ત રહે, ને તેમાજ સુસ્થિર થવા સાવધાનતા સેવ, અને તેમાજ સુસ્થિર થઇ કર્તવ્યના અવધિને પામ.

પ્રાકૃત માણુસો સ્થૂલ વિષયોમાં રમણ કરે છે, કવિઓ સૂક્ષ્મ વિષયોમાં રમણ કરે છે, ભક્તો કારણરૂપ વિષયમાં રમણ કરે છે, અને જ્ઞાનીઓ અધિષ્ઠાનરૂપ પરમરમણીય વિષયમાં રમણ કરે છે. હે સુખેચ્છુ અંતઃકરણ ! તારે પણ બ્રહ્મજ્ઞાન સંપાદન કરી અધિષ્ઠાનમાંજ સર્વદા રમણ કરવું જોઇએ.

હે અંતઃકરણ ! તું પ્રાકૃત જનોને રમણીય લાગતા દૃશ્ય વિષયોનું ચિંતન કરી શામાટે નિરર્થક વ્યાકુલ થાય છે ? નેત્રદ્વારા તું પ્રાકૃત જનોને રમણીય જણાનારા પ્રાણિપદાર્થોને કયા નિત્યસુખના લાભમાટે જોવા ઇચ્છે છે ? ને તું મૂર્ખ મનુષ્યોની સાથે વાણીદ્વારા વાતો કરવાને અથવા કાનદ્વારા તેવા મનુષ્યોની વાતો સાંભળવાને કયા નિત્ય સુખની ઇચ્છા રાખીને પ્રવૃત્ત થાય છે ? બ્રહ્મવિચારવડે શાંત થા, ને તેજ વિચારવડે સુખી થા

હે મન ! તું પરમાસંગ, પરમપવિત્ર, જ્ઞાનનિધિ, પરમસૌંદર્યભંડાર, દુઃખાતીત ને પરમાનંદરૂપ બ્રહ્મમાંજ પરમપ્રીતિ કરી તેમાંજ ઉત્સાહપૂર્વક વિરામ પામ બહાર પ્રતીત થતા દૃશ્ય પ્રાણિપદાર્થોમાં તું લેશ પણ રાગ નજ રાખ ઉપયોગી સાધનમાં દૃઢતા રાખ પૂર્વાપર વિચાર કરી તું અસાર ત્યજ, ને પરમસારને પરમપ્રીતિથી નિરંતર ભજ જે વિચારમાં તારે સતત લીન રહેવું ઉચિત છે તેજ વિચારમાં તું પરમાદરપૂર્વક સતત લીન રહે પ્રમાદથી તું કદીપણ તારું કર્તવ્ય ભૂલીશ નહિ સર્વદા પરમસાવધાન રહેજે સમય ઊતાવળે ચાલ્યો જાય છે તે ભૂલીશ નહિ

બ્રહ્મસ્વરૂપનું શ્રવણ, બ્રહ્મસ્વરૂપનું પવિત્ર ને એકાંત દેશમાં મનન, અને બ્રહ્મસ્વરૂપનો પરમાદરપૂર્વક સતત વિચાર કરતાં તે મુમુક્ષુના બ્રહ્મજ્ઞાનના પ્રતિબંધક સંસ્કારો દૂર થઇ તે મુમુક્ષુને દુઃખરહિત પરમાનંદરૂપ બ્રહ્મનો સુસ્પષ્ટ સાક્ષાત્કાર થાય છે. બ્રહ્મનો સાક્ષાત્કાર થતાં તે મનુષ્ય મુમુક્ષુ મટીને જ્ઞાની થાય છે પછી તે જ્ઞાની પોતાના બ્રહ્માનુભવથી આવા ઉદ્ગારો કાઢવા ભાગ્યશાલી થાય છે.–

" હે પુણ્યશાલી જીવો ! તમે વિષયાનુરાગ, આળસ ને અશ્રદ્ધાનો પરિત્યાગ કરી આદરપૂર્વક નિરંતર બ્રહ્મવિચાર કરો. દશ્યના સબંધના રાગદ્વેષવાળા વિચારોમા તમે તમારુ ઉપયોગી જીવન નિરર્થક વ્યતીત નજ કરો. મહામૂલ્ય-વાળુ છતાં ક્ષણભંગુર એવુ માનવજીવન પામીને જો તમે મોટામા મોટો લાભ મેળવવા ઇચ્છતા હો તો તમે અવશ્ય આદરપૂર્વક બ્રહ્મવિચાર કરવામાં પ્રયત્નવાળા થાઓ

હે સજ્જનો ! જો તમે બ્રહ્મવિચાર કરવામા આદરવાળા રહી તેનો પરિપાક થયે બ્રહ્મનો સાક્ષાત્કાર કરવા ભાગ્યશાલી થશો તો તમે તમને અપ્રિય લાગતું દુ ખ કદીપણ અનુભવશો નહિ, અને તમને બહુ વહાલુ લાગતું સુખ તમે સર્વદા અનુભવવા ભાગ્યશાલી થશો

હે વિવેકીઓ ! બ્રહ્મવિચારના પ્રતાપવડે હવે આ શરીરમા રહેલા ચિત્તને દશ્ય પ્રતીત થતા છતા પણ તે મિથ્યા છે એમ સ્પષ્ટ જણાય છે નામ, રૂપ ને ક્રિયામા તેને એક સચ્ચિદાનદઘન વસ્તુજ વ્યાપી રહેલી અનુ-ભવાય છે આગળ આ ચિત્ત વારવાર દુ ખનો અનુભવ કર્યા કરતુ હતુ, પણ હવે તે કોઈ પણ પ્રકારના દુ ખને સભારતુ કે જાણતુ પણ નથી. હવે આ ચિત્ત જ્યા જ્યા જાય છે ત્યા ત્યા તેને પરમાનદનુજ ભાન થાય છે હવે તેને શરીરના દીર્ઘજીવનની ઇચ્છા નથી, ને હમણાજ આ શરીર મરણને વશ થાય તો તેનો તેને ખેદ પણ નથી પરમરમણીય બ્રહ્મના દર્શનથી ને તેના સ્પર્શથી હવે તેને કોઇ પણ રૂપવાળા પ્રાણીઓના દર્શનની કે તેમનો સ્પર્શ કરવાની લેશ પણ ઇચ્છા નથી તે સર્વત્ર એકજ અદ્વિતીયતત્ત્વને વિલસી રહેલુ જુએ છે, તેથી અન્યની પ્રતીતિના અભાવે હવે તે કોઇના ઉપર ક્રોધ પણ કરતુ નથી આગળ તેને સોનારૂપાના કટકાઓના ઉપર ને બીજા મોહક પદાર્થોના ઉપર બહુ રાગ હતો, ને તે વારવાર તેની પ્રાપ્તિના ઉપાયોના ને તે પદાર્થોના ચિંતનમાજ ગુથાયેલુ રહેતુ હતુ, પણ હવે તેને બ્રહ્મરૂપ અલૌકિક

ચિંતામણિનો લાભ થવાથી તે સર્વનુ તેને સ્વાભાવિક વિસ્મરણ થયુ હોય એમ જણાય છે. હવે વિવેકના લાભવડે તેણે મોહનો પણ પરિત્યાગ કર્યો છે, નમ્રતા ને સર્વાત્મદર્શનવડે તેણે ગર્વનો પણ પરિત્યાગ કર્યો છે, અને સર્વત્ર પોતાના સદ્‌ભાવના દર્શનવડે તેણે ઈર્ષ્યાનો પણ પરિત્યાગ કર્યો છે.

હે સુખેચ્છુઓ ! આ ચિત્ત હવે જાણે આગળનુ ચિત્તજ ન હોય એવું થઇ ગયુ છે તેની શાંતિ, તેનુ સુખ, ને તેની તૃપ્તિ તેનેજ જ્ઞાત છે તમને શબ્દવડે તે સમજાવી શકે એમ નથી. હવે તેને અજ્ઞાન ભય આપતુ નથી, વિષયો તેને પોતાનુ પ્રાબલ્ય જણાવી પોતાના ભણી ખેંચી શકતા નથી, ને કોઇ પણ પ્રતિકૂલ વિષય તેને ભય કે ખેદ ઉપજાવવા સમર્થ થતો નથી ચિત્તની એવી સ્થિતિથી જીવનો જીવભાવ શમી ગયો છે. તે જીવભાવની જગા હવે બ્રહ્મભાવે લીધી છે તેમા બ્રહ્મભાવનો આવિર્ભાવ થતા હવે તેના અસંગતા, પવિત્રતા, સત્યતા, જ્ઞાનરૂપતા, આનંદરૂપતા, વિભુરૂપતા ને પરમસ્વતંત્રતા આદિ સ્વભાવો આવિર્ભાવ પામી સ્થાયી થયા છે. તેમા રહેલો અંધકાર શમી ગયો છે તે હવે પરમ પ્રકાશમયજ થઇ ગયુ છે

હે શુભમા રુચિ રાખનારાઓ ! તમે પણ તમારા ચિત્તને પવિત્ર કરો, તેને બ્રહ્મવિચારપરાયણ કરો, ને તેને બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવી તેના કૃતાર્થપણાવડે તમે પણ તમારી પોતાની કૃતાર્થતાનો અનુભવ કરવા સુભાગી થાઓ ”

સમાપ્ત.

બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રીનથુરામશર્માકૃત પુસ્તકો

શ્રીઉપનિષદો (ઈશોપનિષદ્‌થી કૈવલ્યોપનિષદ્‌સુધીની ૧ ઉપનિષદો તથા માંડૂક્યોપનિષદ્‌ઉપરની ભગવાન્ ગૌડપાદની કારિકા તથા ગુજરાતી ટીકા અને ૧૦૬ ઉપનિષદોનો ગુજરાતીમાં સાર) ૪ આવૃત્તિ. રૂ ૫-૦-૦ વેદાંતદર્શન પાકાપુઠાનુ રૂ ૩-૮-૦ વેદાંતદર્શન કાચાપુઠાનુ. રૂ. ૩ ૦-૦ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, પદચ્છેદ, અન્વય, પ ને રહસ્યદીપિકાટીકાસહિત ત્રીજી આવૃત્તિ. રૂ ૨-૪-૦ પાતંજલયોગદર્શન પદબોધિનીનામની સંસ્કૃતભાષાની તથા રહસ્યદીપિકાનામની ગુજરાતી ભાષાની આધ્યાત્મિક ટીકાસહિત ત્રીજી આવૃત્તિ રૂ ૨-૮-૦ સાંખ્યદર્શન સટીક. રૂ ૧-૪-૦

યોગકૌસ્તુભ ત્રીજી આવૃત્તિ રૂ ૧-૪-૦ પરમપદબોધિની ત્રીજી આવૃત્તિ. રૂ ૦-૧૨-૦ સંધ્યાનો વેદાંતાનુસાર વિચાર. રૂ ૦-૦-૬ ન સ્વરોદય ત્રીજી આવૃત્તિ. રૂ ૦-૨-૬ ઊલટી વાણીનું સ્પષ્ટીકરણ બીજી આવૃત્તિ ૦-૧-૦

મનુષ્યમિત્ર બીજી આવૃત્તિ રૂ ૦-૪-૦ સ્વાભાવિકધર્મ ત્રીજી આવૃત્તિ રૂ ૦-૨-૬ સુબોધકલ્પલતા બીજી આવૃત્તિ રૂ ૦-૮-૦ સદુપદેશદિવાકર પ્રથમ કિરણ બીજી આવૃત્તિ રૂ ૦-૧૨-૦ સદુપદેશદિવાકર દ્વિતીય કિરણ ૦-૧૨-૦ સદુપદેશદિવાકર તૃતીય કિરણ રૂ ૦-૧૨-૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૧ થી ૧૦. રૂ. ૦-૪-૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૧૧ થી ૨૫ બીજી આવૃત્તિ રૂ ૦-૮-૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૨૬ થી ૩૮ રૂ ૦-૮-૦ અંતર્ ... આદેશો રેગનેરી ... પડાના પુંઠાના. રૂ ૦-૧૦-૦ અતયાભીના ... રેશમા પુઠાના રૂ ૦-૮-૦ યોગપ્રભાકર બીજી આવૃત્તિ રૂ ૦-૨-૬ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા સરલાટીકાસહિત બીજી આવૃત્તિ. રૂ ૦-૭-૬ પ્રશ્નોત્તરરૂપે વિવિધ ઉપદેશ બીજી આવૃત્તિ રૂ ૦-૩-૬ ગીતાદિપંચરત્ન સટીક ભિન્ન ભિન્ન જાતના ... . રૂ ૦-૯-૦, ૦-૭-૦, ૦-૬-૦ રાસપંચાધ્યાયી ભક્તિપક્ષની તથા જ્ઞાનપક્ષની વિસ્તૃત ટીકાસહિત રૂ ૦-૭-૦, ૦-૫-૬ પ્રણવપદ. ત્રીજી આવૃત્તિ રૂ. ૦-૨-૦ પ્રણવવિસ્તારપદ બીજી આવૃત્તિ રૂ ૦-૨-૦ નાથભાગ્ય રૂ ૦-૫-૦ સદુપદેશમાલા પ્રથમ ભાગ રૂ. ૦-૩-૬ પત્રકલ્પમંજરી રૂ ૦-૩-૦ વિનોદમાલા રૂ ૦-૫-૦ દુરાચારગિરિવજ્ર રૂ ૦-૨-૬

ઉપર લખેલા સર્વ પુસ્તકો નીચે લખેલે સ્થળેથી રોકડા દ્રવ્યથી ના વેલ્યુપેએબલ બૂકપાકીટથી મળી શકશે —

વ્યવસ્થાપક, આનંદાશ્રમ, બીલખા, કાઠિયાવાડ